વાર્ષિક અહેવાલ અને હિસાબ

# 64 મો

સને ૨૦૨૪-૨૦૨૫



પશુપાલન વ્યવસાય,
એક ઉત્તમ વ્યવસાય...

# રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ

દૂધ સાગર માર્ગ, રાજકોટ -૩૬૦ ૦૦૩

### :: સ્ટેચ્યુટરી ઓડીટર ::

**લલિત હિરપરા એન્ડ કંપની,** સુરત
રજીસ્ટ્રાર ઓફ કો.ઓ.ઓડિટ પેનલ
સુરત. પેનલ નં. SUR/CA-FIRM-2

**સ્પેશ્યલ ઓડીટરશ્રી (મિલ્ક)**
મિલ્ક ઓડીટ ઓફીસ
રાજકોટ

### :: ઈન્ટરનલ ઓડીટર ::

**સાકરિયા એન્ડ એસોસિએટ** રાજકોટ
રજીસ્ટ્રાર ઓફ કો.ઓ.ઓડિટ પેનલ
રાજકોટ. પેનલ નં. ૧૦

### :: ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મ ::

**એચ. એમ. નંઢા એન્ડ કાું. (FCA)**
રાજકોટ

### :: બેન્કર્સ ::

| | |
|---|---|
| શ્રી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓ. બેન્ક લિ. | રાજકોટ |
| બેન્ક ઓફ બરોડા-મેઈન, | રાજકોટ |
| આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક લિ.-મેઈન, | રાજકોટ |
| એચ.ડી.એફ.સી.બેન્ક લિ.-મેઈન, | રાજકોટ |
| આઈ.ડી.બી.આઈ. બેન્ક લિ.-મેઈન, | રાજકોટ |
| શ્રી જામનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓ. બેન્ક લિ. | જામનગર |

**નોંધણી ક્રમાંક : ખે-૬૦ તારીખ : ૫-૯-૧૯૬૧**





# ગૌ. વા. શ્રી વિઠ્ઠલભાઈ રાદડીયા

## નિયામક મંડળ : વર્ષ ૨૦૨૪-૨૫



**શ્રી ગોરધનભાઈ પી. ધામેલીયા**
અધ્યક્ષશ્રી



**શ્રી જયેશભાઈ વી. રાદડીયા**
નિયામકશ્રી (તા. ૨૯-૧૦-૨૦૨૪ સુધી)



**શ્રી ગોવિંદભાઈ એસ. રાણપરીયા**
નિયામકશ્રી



**શ્રી સુરેશભાઈ એમ. લુણાગરીયા**
નિયામકશ્રી



**શ્રી અબ્દુલરહીમ એ. બાદી**
નિયામકશ્રી



**શ્રી આંબાભાઈ વીભાભાઈ**
નિયામકશ્રી



**શ્રી હરજીભાઈ આર. ભુવા**
નિયામકશ્રી



**શ્રી વિજયભાઈ એચ. સખીયા**
નિયામકશ્રી (તા.૩૦-૧૦-૨૦૨૪ થી)



**શ્રીમતિ જોશનાબેન એ. ગઢીયા**
નિયામકશ્રી



**શ્રીમતિ કિરણબેન કે. સાંગાણી**
નિયામકશ્રી



**શ્રીમતિ વર્ષાબેન એસ. ખાતરા**
નિયામકશ્રી



**શ્રીમતિ લીલીબેન એમ. મેટાળીયા**
નિયામકશ્રી



**શ્રીમતિ વનિતાબેન એમ. રૈયાણી**
નિયામકશ્રી



**શ્રી ડો. બી. એન. પટેલ**
જિલ્લા રજી. સહ. મંડળીઓ



**શ્રી સમીર સકશેના**
પ્રતિનિધિશ્રી (GCMMF)



**શ્રી હેમંત ગૌની**
પ્રતિનિધિશ્રી (GCMMF)



**શ્રી ઋષિકેશકુમાર**
પ્રતિનિધિશ્રી (NDDB)



**શ્રી જયકિશન ગાબરા**
ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર

વાર્ષિક અહેવાલ અને હિસાબ 64મો સને ૨૦૨૪-૨૦૨૫



**શ્રી ગોરધનભાઈ પી. ધામેલીયા**
**અધ્યક્ષ**

વ્હાલા પ્રમુખશ્રીઓ સભાસદ ભાઈઓ અને બહેનો,

આપણા દૂધ સંઘનો સને ૨૦૨૪–૨૫ નાં વર્ષનો વાર્ષિક અહેવાલ આપની સમક્ષ રજુ કરતાં ગર્વની લાગણી અનુભવુ છું.

સને ૨૦૨૪–૨૫ નું વિતેલ વર્ષ પશુપાલન વ્યવસાય માટે એકંદરે સારૂ રહયુ છે. સારા વરસાદને કારણે પશુપાલકોને પશુઓ માટે લીલા–સુકા ઘાસચારાની ઉપલબ્ધિ થઈ શકેલ છે. પશુ આહારનાં ભાવોમાં પણ અસહય વધારો થયેલ નથી. આપણા દૂધ સંઘમાં એવરેજ દૂધ સંપાદન વધેલ છે. દૂધ સંઘ સાથે જોડાયેલા હજારો પશુપાલકોને આર્થિક સહયોગ મળે અને દૂધનાં પોષણક્ષમ ભાવ મળે તે માટે નિયામક મંડળ દ્વારા જરૂરીયાતનાં સમયે નિર્ણયો કરીને દૂધના ભાવમાં વધારો કરેલ છે. દૂધ સંઘ દ્વારા સને ૨૦૨૩–૨૪ નાં વર્ષમાં સરેરાશ કિલો ફેટના ભાવ રૂા. ૮૪૩ ચુકવેલ હતા જયારે સને ૨૦૨૪–૨૫ ના વર્ષમાં સરેરાશ કિલો ફેટ ના ભાવ રૂા. ૮૭૧ ચુકવેલ છે એટલે કે સંઘે સને ૨૦૨૪–૨૫ નાં વર્ષમાં સરેરાશ કિલો ફેટ નો ભાવ રૂા. ૨૮ વધુ ચુકવેલ છે. દૂધ સંઘનું ગત વર્ષની સરખામણીએ દૂધ સંપાદન ૧૦.૨૫% વધેલ છે

દૂધ સંઘ સાથે જોડાયેલા ૫૦ હજાર થી વધારે દૂધ ઉત્પાદકોને પોતાનું પશુધન ટકાવી રાખવા પ્રોત્સાહિત કરવા અને પશુપાલન પ્રવૃતિમાં વધારો થાય તે માટે અને પશુપાલકો રૂઢિગત પશુપાલનને બદલે વૈજ્ઞાનિક અભિગમથી પશુપાલન પ્રવૃતિ કરે તે માટે સંઘ હરહંમેશ પ્રયત્નશીલ છે. દૂધ ઉત્પાદકોને પશુ ચિકિત્સાલક્ષી તાંત્રિક સેવાઓ સમયસર મળી રહે તે માટે દૂધ સંઘનું નિયામક મંડળ હંમેશા સંચાલકીય અને વહીવટી નિર્ણય લીધા છે. દૂધ સંઘનો કરકસર યુક્ત વહીવટ કરી બીન જરૂરી ખર્ચાઓમાં બચત કરીને દૂધ ઉત્પાદકોને પોષણક્ષમ દૂધનાં ભાવ મળે તે અભિગમ સાથે નિયામક મંડળ કામગીરી કરી રહયુ છે. સંઘના કર્મચારીઓના સામુહિક પ્રશ્નોમાં કર્મચારીઓ તરફી તાત્કાલીક નિર્ણયો કરેલ છે અને કર્મચારીઓમાં સંઘ પ્રત્યેનો વિશ્વાસ વધે તેવા પ્રયત્નો કરેલ છે.



દૂધ સંઘની વાર્ષિક સાધારણ સભામાં સમગ્ર કાર્યક્રમના પ્રમુખસ્થાનેથી ઉદ્‌બોધન કરતા યુવા ધારાસભ્યશ્રી અને રાજકોટ ડિસ્ટ્રી.કો–ઓપ. બેંક લી. ના ચેરમેનશ્રી જયેશભાઈ રાદડીયા



દૂધ સંઘની વાર્ષિક સાધારણ સભામાં અધ્યક્ષસ્થાનેથી સાધારણ સભાની કાર્યવાહી કરતા દૂધ સંઘનાં અધ્યક્ષશ્રી ગોરધનભાઈ ધામેલીયા



સામુહિક વૃક્ષારોપણના ભાગરૂપે મુ. ખંભાળા તા. પડધરી મુકામે મીયાવાકી ટેકનીકથી વૃક્ષારોપણ કરતા સંસદ સભ્યશ્રી પરસોતમભાઈ રૂપાલા અને દૂધ સંઘના અધ્યક્ષશ્રી ગોરધનભાઈ ધામેલીયા




પટના (બિહાર) મુકામે યોજાયેલ IDA કોન્ફરન્સમાં ભાગ લેનાર દૂધ સંઘના નિયામક મંડળનાં સભ્યશ્રીઓ



અડબાલકા દૂધ મંડળી તા. પડધરીનાં દૂધ ઉત્પાદકનું અકસ્માતે અવસાન થતા તેના વારસદારને ચેક અર્પણ કરતા ધારાસભ્ય અને રાજકોટ ડિસ્ટ્રી. કો–ઓપ. બેંકના ચેરમેનશ્રી જયેશભાઈ રાદડીયા, ડિરેકટરશ્રી ડો. ડાયાભાઈ પટેલ અને દૂધ સંઘનાં અધ્યક્ષશ્રી ગોરધનભાઈ ધામેલીયા



દેવચડી દૂધ મંડળી તા. ગોંડલનાં દૂધ ઉત્પાદકનું અકસ્માતે અવસાન થતા તેના વારસદારને ચેક અર્પણ કરતા ધારાસભ્ય અને રાજકોટ ડિસ્ટ્રી.કો–ઓપ. બેંકના ચેરમેનશ્રી જયેશભાઈ રાદડીયા, દૂધ સંઘનાં અધ્યક્ષશ્રી ગોરધનભાઈ ધામેલીયા અને રાજકોટ માર્કેટ યાર્ડના ચેરમેનશ્રી જયેશભાઈ બોધરા

રાજકોટ જિલ્લા સહકારી બેંકનાં ચેરમેન અને યુવા ધારાસભ્યશ્રી જયેશભાઈ રાદડીયા પણ સંઘ સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકોને આર્થિક લાભો મળે તે માટે દૂધ સંઘનાં નિયામક તરીકે સચોટ કામગીરી કરી રહ્યા છે. ભેળસેળવાળું દૂધ મોકલનાર દૂધ મંડળીનું દૂધ સ્વીકારવાનું બંધ કરવા સુધીનાં કડક પગલા લઈ દૂધમાં ભેળસેળ કોઈ સંજોગોમાં ચલાવી શકાય નહીં અને દૂધ ઉત્પાદકોનાં આર્થિક હિતમાં સંઘ દ્વારા કામગીરી થવી જોઈએ તેવી કાર્યપ્રણાલીનાં આગ્રહી છે. દૂધ સંઘના વિકાસમાં તેમનો સાથ સહકાર અને માર્ગદર્શન મળતા રહ્યા છે અને દૂધ મંડળીઓ તેમજ દૂધ ઉત્પાદકોના આર્થિક વિકાસમાં સાથ–સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા રાખું છું

આપણા દેશનાં માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી, ગૃહ અને સહકાર ખાતાનાં કેબીનેટ મંત્રીશ્રી અમીતભાઈ શાહનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરૂ છુ. પ્રધાનમંત્રીનાં આત્મ નિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા રાજય સરકારશ્રીએ ડેરી ઉદ્યોગ અને પશુપાલકોના આર્થિક હિતમાં વિવિધ યોજનાઓ અમલમાં મુકીને પશુપાલન પ્રવૃતિ વિકસાવવા સતત પ્રયત્નશીલ છે જે બદલ રાજયનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કૃષિ અને પશુપાલન ખાતાનાં કેબીનેટ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, સહકાર ખાતાનાં રાજયકક્ષાનાં મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિત તમામ મંત્રી મંડળનો આભાર વ્યક્ત કરૂ છુ.



**દૂધની ગુણવતાની ચકાસણી માટે અદ્યતન જીસી લેબ**

દૂધ સંઘ અમૂલ અને ગોપાલ બ્રાન્ડમાં દૂધનાં વિવિધ ઉત્પાદનોનું વેચાણ કરે છે. જેમાં દૂધ, દહીં, છાશ, ઘી, પેંડા, લસ્સી અને મોહનથાળ, અડદીયા, થાબડી વગેરે જેવી સ્વીટસનો સમાવેશ થાય છે. આ દૂધનાં વિવિધ ઉત્પાદનો દૂધ મંડળીઓમાંથી આવતા કાચા દૂધનું જરૂરી પ્રોસેસીંગ કરીને બનાવવામાં આવે છે. જેથી કાચા દૂધની ગુણવતા GCMMF (ફેડરેશન) અને FSSAI નાં ધારાધોરણો મુજબની હોવી જરૂરી છે. દૂધ સંઘમાં બીએમસી અને કેન મારફતે આવતા દૂધની ગુણવતાની ચકાસણી માટે FT મશીન, GC મશીન, મિલ્કો સ્ક્રીન મશીન વગેરેનો ઉપયોગ ઉપરાંત ધારાધોરણો મુજબની રાસાયણિક પ્રક્રિયા દ્વારા કેમીકલ્સ ટેસ્ટીંગ તેમજ માઈક્રો બાયોલોજીકલ ટેસ્ટીંગ કરીને સંઘમાં ભેળસેળવાળું દૂધ ન આવે તે માટે તકેદારી રાખવામાં આવે છે. દૂધ સંઘ સંચાલિત ચીલીંગ/કુલીંગ યુનિટો ઉપર ગુણવતાની ચકાસણી માટે FT મશીનની સુવિધા ઉપલબ્ધ છે. દૂધ સંઘ દ્વારા ભેળસેળ/નબળી ગુણવતાવાળું દૂધ મોકલનાર દૂધ મંડળીઓનાં દૂધનાં જથ્થામાં ફુડગ્રેડ કલર ભેળવીને દૂધ પરત કરવું/દૂધનો નાશ કરવો તેમજ શિક્ષાત્મક વસુલાતની જોગવાઈઓ કરેલ છે તેમજ સંઘ દ્વારા કડક કાર્યવાહીથી દૂધ મંડળીઓનું દૂધ સ્વીકારવાનું બંધ કરવા સહિતનાં પગલાઓ લેવામાં આવે છે. દૂધ સંઘ દ્વારા દૂધની ગુણવતા બાબતે કોઈપણ સંજોગોમાં બાંધછોડ કરવામાં આવશે નહિ માટે તમામ દૂધ મંડળીઓએ સારી ગુણવતાવાળું દૂધ મોકલવા અને મંડળીકક્ષાએથી જ ભેળસેળવાળું દૂધ અટકાવવાની કામગીરી કરવા વિનંતી કરૂ છું.

આજનાં મોંઘવારીનાં સમયમાં રૂઢિગત પધ્ધતિથી પશુપાલન કરવું પોસાય તેમ નથી તે હકીક્ત છે કારણ કે રૂઢિગત પધ્ધતિથી પશુપાલન વ્યવસાય કરતા પશુપાલકોને પશુદીઠ દૂધ ઉત્પાદન ઓછું અને ઉત્પાદન ખર્ચ વધુ થાય છે. દૂધ ઉત્પાદનમાં અગ્રેસર જીલ્લાનાં પશુપાલકોની જેમ આપણે પણ પશુપાલન વ્યવસાયમાં વૈજ્ઞાનિક દ્રષ્ટીકોણ અપનાવીને સંવર્ધન, પશુ ઉછેર, પશુ માવજત અને પશુ સારવાર દ્વારા દુધાળા પશુઓમાં દુધ ઉત્પાદક્તા વધારીને પશુદીઠ દૂધ ઉત્પાદન વધારવા માટે ધ્યાન કેન્દ્રીત કરવુ પડશે તેમજ ખાણદાણ અને ઘાસચારોનો યોગ્ય ઉપયોગ કરીને દૂધ ઉત્પાદન ખર્ચ ઘટાડવો પડશે. દૂધ સંઘનાં



વાંકાનેર શીત કેન્દ્ર ખાતે વાંકાનેર તાલુકાની દૂધ મંડળીઓની વ્યવસ્થાપક કમીટીનાં સભ્યો માટે યોજાયેલ એમ.સી.એમ.ટી. કાર્યક્રમમાં માર્ગદર્શન આપતા દૂધ સંઘના ઈ.મેનેજીંગ ડિરેક્ટરશ્રી જયકિશન ગાબરા અને નિયામક મંડળ સભ્યશ્રી અબ્દુલભાઈ બાદી



રાજકોટ ડેરીના ૬૪માં સ્થાપના દિવસે ડેરી કેમ્પસના સ્વચ્છતા અભિયાનમાં સંઘનાં કર્મચારીને માર્ગદર્શન આપતા દૂધ સંઘનાં અધ્યક્ષશ્રી અને ઈ.મેનેજીંગ ડિરેક્ટરશ્રી



સી.ઓ.પી. કાર્યક્રમ અંતર્ગત રાજકોટ ડેરી મુલાકાતે આવેલ શહેરી વિસ્તારની બહેનોને અમૂલ દૂધ અને પ્રોડક્ટ વિશે માહિતી આપતા માર્કેટીંગ વિભાગનાં અધિકારી



દૂધ સંઘ દ્વારા અમૂલ દહીં અને સસ્તી દહીંનું પાઉચ અને બકેટમાં કરવામાં આવેલ લોન્ચીંગ કાર્યક્રમ




રાજકોટ શહેરમાં એજન્સી લેવલે અમૂલ દહીંનું લોન્ચીંગ કરતા માર્કેટીંગ વિભાગના અધિકારીઓ



ફર્ટીલીટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ (એફ.આઈ.પી.) અંતર્ગત પશુ સારવાર કેમ્પમાં પશુઓની સારવાર કરતાં પશુપાલન વિભાગનાં પશુ ચિકિત્સક

પશુપાલન વિભાગ દ્વારા પશુ ડોકટરો અને એ.આઈ.વર્કરોની ટીમ મારફતે કૃત્રિમ બિજદાન, પશુ સારવાર કેમ્પ, ફર્ટીલીટી ઈમ્પ્રુમેન્ટ પ્રોગ્રામ (FIP), રસીકરણ, કૃમિ નિવારણ કાર્યક્રમ, બચ્ચા ઉછેર કાર્યક્રમ, મસ્ટાઈટીસ પ્રિવેન્સન પ્રોગ્રામ (MPP), ઈથિનો વેટ પ્રોગ્રામ (EVP) વગેરે કાર્યક્રમો દૂધ ઉત્પાદકોનાં આર્થિક હિતમાં કરવામાં આવી રહયા છે. જેમાં દૂધ સંઘ અને ફેડરેશન દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે તો દૂધ મંડળીઓ સાથે જોડાયેલા પશુપાલકોને પશુ સારવાર અને માવજતનાં કાર્યક્રમોનો પુરેપુરો લાભ લેવા અપીલ કરૂં છું અને પશુપાલન વ્યવસાયની આવકથી પશુપાલકો આર્થિક રીતે સક્ષમ બને તેવી આશા રાખુ છું.

કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને ફેડરેશન દ્વારા દૂધ મંડળીઓ અને પશુપાલકો માટે દર વર્ષે વિકાસલક્ષી વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે દૂધ સંઘ દ્વારા તમામ યોજનાની જાણકારી દૂધ મંડળીઓ અને પશુપાલકોને પરીપત્ર, શીબીરો, મીટીંગો વગેરેનાં માધ્યમથી આપવામાં આવે છે. સરકારશ્રીની પશુપાલનલક્ષી યોજનાઓમાં સબસીડીનો લાભ મળવાપાત્ર હોવાથી વધુને વધુ પશુપાલકો તેમને લગત યોજનાનો લાભ મેળવે તે માટે તેમજ દૂધ મંડળીઓનાં પ્રમુખશ્રી અને મંત્રીશ્રી આમાં મદદરૂપ બને તેવી અપીલ કરૂ છું.

GCMMF (ફેડરેશન) તરફથી દૂધ સંઘને હંમેશા સાથ સહકાર મળતો રહયો છે રાજય સરકારશ્રીની સબસીડી યોજનાના પ્રોજેકટની મંજુરી માટે, ફેડરેશનની વિવિધ યોજનાઓનાં અમલીકરણ માટે તેમજ દૂધ સંપાદનની બાબતે માર્ગદર્શન અને સહકાર મળેલ છે. જે બદલ ફેડરેશનનાં ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી, મેનેજીંગ ડિરેકટરશ્રી જયેન મહેતા, જન. મેનેજર શ્રી અનિલ ભાયાતી અને સંબંધિત અધિકારીઓનો આભાર માનું છું અને ભવિષ્યમાં પણ સાથ–સહકાર મળતો રહે તેવી આશા રાખું છું.

રાજકોટ દૂધ સંઘ તેની સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકો અને તેના પરીવારના સભ્યો ઉપર આવી પડેલા દુઃખની પરિસ્થિતિમાં આર્થિક સંધિયારો આપવા માટે અકસ્માત વિમા પોલીસી અને ગૃપ વિમો પોલીસી ઉતરાવવીને દૂધ ઉત્પાદકોને વિમાથી રક્ષીત કરવામાં આવે છે. દૂધ ઉત્પાદકોના અકસ્માતે મૃત્યુનાં પ્રસંગે તેના વારસદારને અકસ્માત વિમા પોલીસીનાં માધ્યમથી રૂા.૧૦ લાખનું વિમા વળતર મળે છે. દૂધ સંઘ અકસ્માત વિમા પોલીસીનું ૧૦૦% પ્રીમીયમ ભોગવે છે. જયારે LIC ની ગૃપ વિમા યોજનાનું દૂધ ઉત્પાદકોનાં કુદરતી મૃત્યુનાં પ્રસંગે ૧.૧૫ લાખનું વિમા વળતર તેના વારસદારને મળવા પાત્ર છે. આ વિમા પોલીસીનું પ્રીમીયમ દૂધ સંઘ, દૂધ મંડળી, દૂધ ઉત્પાદકોના સંયુક્ત હિસ્સેદારીમાં ભરવામાં આવે છે. દૂધ સંઘ દ્વારા અમલી આ બંને વિમા યોજનામાં જે દૂધ મંડળીઓએ પોતાનાં દૂધ ઉત્પાદકોનાં વિમા કવચ સંઘ દ્વારા લીધેલ હશે તેને જ વિમા યોજનાનો લાભ મળવાપાત્ર છે. જેથી આ બંને વિમા યોજના દૂધ ઉત્પાદકોના હિતમાં હોય તમામ દૂધ મંડળીઓએ આ બંને વિમા યોજનામાં જોડાવવા માટે સમયસર દૂધ ઉત્પાદકોની માહિતી સંઘને મોકલી આપે તેવી અપીલ કરૂ છુ.

વર્ષ ૨૦૨૪–૨૫ નો વિસ્તૃત અહેવાલ નીચે મુજબ રજુ કરૂ છું.

### સંઘનો વેપાર અને આર્થિક સ્થિતિ

વર્ષ ૨૦૨૪–૨૫નું ટર્ન ઓવર રૂા. ૧૧૪૧.૧૭ કરોડ અને ચોખ્ખો નફો રૂા. ૧૩૧૧.૭૮ લાખ થયેલ છે. જયારે ગત વર્ષ એટલે કે ૨૦૨૩–૨૪નું ટર્ન ઓવર રૂા. ૧૧૦૩.૨૫ કરોડ અને ચોખ્ખો નફો રૂા. ૧૨૧૮.૬૭ લાખ કરેલ હતો. આમ ગત વર્ષની સરખામણીએ આપણા સંઘના ટર્ન ઓવરમાં ૩ ટકાનો વધારો અને ચોખ્ખા નફામાં ૮ ટકાનો વધારો થયેલ છે. રાજકોટ ડેરી સહકારી ધોરણે સંચાલીત ડેરી ઉદ્યોગ છે અને રાજકોટ ડેરીની આવકનો મુખ્ય આધાર દૂધ સંપાદન અને દૂધ તથા દૂધની બનાવટોના વેચાણ ઉપર રહેલો છે. સંઘનું દૂધ સંપાદન અને વેચાણ વધવાથી ટર્ન ઓવર વધેલ છે અને આવક પણ વધેલ છે. સંઘે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે દૂધ ઉત્પાદકોને દૂધનો ખરીદ ભાવ કિલો ફેટે રૂા. ૨૮ વધુ ચુકવવા છતા સંઘે તેની આર્થિક પ્રગતિ જાળવી રાખેલ છે. જે આપણા સૌ માટે આનંદની વાત છે. સંઘનું નિયામક મંડળ ૨૦% શેર ડિવિડન્ડ ચુકવવાની દરખાસ્ત આપની સમક્ષ રજુ કરે છે. આ દરખાસ્તનો આપ સૌ સહર્ષ સ્વીકાર કરશો તેવી આશા રાખું છું.



જી.સી.એમ.એમ.એફ. (ફેડરેશન) અને દૂધ સંઘનાં સંયુકત ઉપક્રમે માદા બચ્ચા ઉછેર કાર્યક્રમ અંતર્ગત જન્મેલ ગીર ગાયના સુંદર બચ્ચાઓ



સામુહિક વૃક્ષારોપણ અંતર્ગત ફેડરેશનના સહયોગથી દૂધ સંઘ અને ખંભાળા દૂધ મંડળી દ્વારા ખંભાળા મુકામે મીયાવાકી ટેકનીકથી ૪૦૦૦ થી વધારે દેશી જાતનાં વૃક્ષોના રોપાનું કરવામાં આવેલ વાવેતર



તરઘડીયા કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે યોજાયેલ એન્ટરપ્રિન્યોર ડેરી ડેવલ્પમેન્ટ પ્રોગ્રામ (ઈ.ડી.પી.)માં માહિતી આપતાં પશુપાલન વિભાગનાં પશુ ચિકિત્સક અને તાલીમમાં ભાગ લેનાર વ્યવસાયિક પશુપાલકો



વિમલનગર દૂધ મંડળી તા.જામકંડોરણા મુકામે યોજાયેલ મહિલા શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત મહિલા પશુપાલકોને પશુપાલન અંગે માહિતી આપતા આઇસીડી વિભાગનાં મહિલા ઈન્સ્ટ્રકટર



જસાપર દૂધ મંડળી તા. કાલાવડ મુકામે યોજાયેલ વી.એમ.એસ. (ધ્યેય નિર્ધારણ કાર્યક્રમ) રીવન્યુ કાર્યક્રમમાં માહિતી આપતા આઇસીડી વિભાગનાં મહિલા ઈન્સ્ટ્રકટર



મહિલા શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ ડેરી મુલાકાતે પધારેલ દૂધ મંડળીના મહિલા દૂધ ઉત્પાદકો







## દૂધ સંપાદન અને સહકારી દૂધ મંડળીઓ

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૧૦૨૮ દૂધ મંડળીઓ પૈકી ૭૭૨ કાર્યરત દૂધ મંડળીઓના ૬૧૭૯૦ સભાસદો મારફતે કુલ ૧૬,૬૨,૪૫,૪૨૫ કિલો દૂધનું સંપાદન કરેલ છે. આ મુજબ દૈનિક સરેરાશ ૪,૫૫,૪૬૭ કિલોની થાય છે. જે ગત વર્ષની સરખામણીમાં ૧૦.૨૫ % નો વધારો સુચવે છે. સંઘની કાર્યરત દૂધ મંડળી દિઠ દૈનિક સરેરાશ ૫૮૯ કિલોનું દૂધ સંપાદન કરેલ છે. સંઘ સંયોજીત કુલ દૂધ મંડળીઓમાંથી ૫૪% દૂધ મંડળીઓ મહિલા સંચાલીત છે. જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૭ નવી દૂધ મંડળીઓ શરૂ કરવામાં આવેલ છે. જેમાં ૨ જનરલ દૂધ મંડળી અને ૫ મહિલા સંચાલીત દૂધ મંડળીઓ શરૂ કરતા વર્ષનાં અંતે કુલ જનરલ દૂધ મંડળીઓ ૩૫૭ અને મહિલા સંચાલીત દૂધ મંડળીઓ ૪૧૫ છે. વર્ષનાં અંતે ૪૫,૪૧૫ દૂધ ભરતા ગ્રાહકોની સંખ્યા રહે છે.







## દૂધ ખરીદ ભાવ

સંઘનું નિયામક મંડળ દૂધ ઉત્પાદકોને વધુમાં વધુ ભાવ ચુકવવા માટે સતત પ્રયત્નશીલ છે. આપણે દૂધની ગુણવતાના આધારે દૂધના વધુમાં વધુ ખરીદ ભાવ ચુકવવા માટે દૂધની ગુણવતાના ઉપર ખાસ ધ્યાન આપવાનું રહે છે. આ વર્ષે સરેરાશ પ્રતિ કિલો ફેટના રૂા. ૮૭૧ દૂધ ઉત્પાદકોને ચુકવવામાં આવેલ છે. જે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે પ્રતિ કિલો ફેટે રૂા. ૨૮ નો વધારો ચુકવેલ છે. ૧૦ વર્ષ પહેલા સને ૨૦૧૪-૧૫ માં સરેરાશ ખરીદ ભાવ રૂા. ૫૫૦ હતો તે ૨૦૨૪-૨૫ માં દૂધ ખરીદ ભાવ રૂા. ૮૭૧ ચુકવેલ છે.





રાજકોટ ડેરીની મુલાકાતે પધારેલ આર.કે. યુનિ. રાજકોટના વિદ્યાર્થીઓ



રાજકોટ ડેરીની મુલાકાતે પધારેલ મારવાડી યુનિ. રાજકોટના વિદ્યાર્થીઓ



૫૪માં રાષ્ટ્રીય સુરક્ષા દિવસની ઉજવણી અંતર્ગત જામકંડોરણા કુલીંગ યુનીટ કામદારો માટે યોજાયેલ અવેરનેશ કાર્યક્રમ



રાજકોટ ડેરી ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને મોકડ્રીલ સમયે ફાયર એક્સ્ટીંગ્વિશર સીલીન્ડર ના ઉપયોગ વિશે માહિતી આપતા દૂધ સંઘનાં સુરક્ષા અધિકારી




ડો. કુરીયન ક્રિકેટ લીગ મેચમાં ઝોન વાઈઝ યોજાયેલ ક્રિકેટ મેચમાં ઝોનમાં ચેમ્પીયન બનેલ રાજકોટ ડેરીની ક્રિકેટ ટીમ



રાજકોટ ડેરી ખાતે ૧૫મી ઓગષ્ટના દિવસે ૭૮માં સ્વતંત્રતા દિવસની શાનદાર ઉજવણી

આ વર્ષે સંઘે દૂધ ઉત્પાદકોને ગાયના દૂધ પ્રતિ કિલોના રૂા. ૩૮.૩૬ અને ભેંસના દૂધ પ્રતિ કિલોના રૂા. ૫૮.૮૯ ચુકવેલ છે. જયારે મીક્ષ દૂધ (બીએમસી) નો પ્રતિ કિલોના રૂા. ૫૨.૮૮ ચુકવવામાં આવેલ છે. આમ વર્ષ દરમિયાન દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલોના સરેરાશ રૂા. ૫૧.૯૭ ચુકવેલ છે.

દૂધ સંઘે હરહંમેશ દૂધ ઉત્પાદકોનાં આર્થિક હિતને ધ્યાનમાં રાખીને નિર્ણય ક્ર્યો છે અને ભવિષ્યમાં પણ દૂધ ઉત્પાદકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને દૂધ સંઘ દ્વારા કામકાજનું આયોજન કરવામાં આવશે.







## દૂધની ગુણવતા અને સ્વચ્છ દૂધ ઉત્પાદન

આપણો સંઘ ભારત સરકારના અન્ન ખાદ્ય સુરક્ષા દ્વારા હેઠળ નોંધાયેલી સંસ્થા છે. ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એકટના તમામ ધારાધોરણોનો અમલ કરવાનો ફરજીયાત છે ત્યારે સંઘ સંયોજીત તમામ કાર્યરત દૂધ મંડળીઓ અને દૂધ ઉત્પાદકો ઉતમ ગુણવત્તાવાળું, તાજુ, સ્વચ્છ અને ભેળસેળ રહિત દૂધ આપે તે ખુબ જરૂરી છે. ખાસ કરીને જે મંડળીમાં બીએમસીથી દૂધ સંપાદન થાય છે તેની જવાબદારી વિશેષ થાય છે. દૂધ સંપાદન કરતી વખતે દૂધ મંડળીનાં સંચાલકોને દૂધની ગુણવત્તાની ચકાસણી કરવા માટે હું ખાસ ભાર આપું છું. દૂધની ગુણવત્તાની ચકાસણી માટે જરૂરી આધુનિક સાધનોથી આપણે સજજ થવું પડશે. સંઘે દૂધની ગુણવત્તાની ચકાસણી માટે વર્ષ ૨૦૧૯-૨૦ માં ગેસ ક્રોમેટોગ્રાફી (જીસી) મશીન વસાવેલ છે તેમાં દૂધની જરૂરી ચકાસણી કરવામાં આવે છે. તમામ દૂધ મંડળીઓને ગુણવતાયુક્ત દૂધ સ્વીકારીને સંઘમાં મોકલાવે તેવી મારી અપીલ છે.

## પ્લાન્ટ અને ઉત્પાદનો

રાજકોટ દૂધ સંઘમાં અદ્યતન ટેકનોલોજી ધરાવતા ઓટોમેટીક પ્લાન્ટ જેની ક્ષમતા ૬ લાખ લીટર પ્રતિ દિન છે. તે છેલ્લા ૧૨ વર્ષોથી અવિરત કાર્યરત છે. આ ઉપરાંત દૂધ સંઘ સંચાલિત શીતકેન્દ્રો, કુલીંગ યુનિટો, મંડળી સંચાલિત બીએમસી તેમજ કેન મારફતે દૂધ સંપાદન થઈ રહયું છે તેનું પ્રોસેસીંગ, પેકીંગ આપણા આધુનિક પ્લાન્ટમાં થાય છે. વર્ષ દરમ્યાન સંઘે અમૂલ ફેડ ડેરીમાં ૧,૦૯,૯૩,૩૫૦ લીટર દૂધ મોકલેલ છે. સંઘે ગોપાલ બ્રાન્ડમાં ઘી, પેંડા, દહીં, છાશ, લસ્સી તેમજ અમૂલ બ્રાન્ડમાં દૂધ, ઘી, છાશ અને દહીંનાં ઉત્પાદનોની સાથો સાથ વાપરનાર ગ્રાહક વર્ગની જરૂરીયાત અને માંગને ધ્યાનમાં રાખીને અમુલ ગાય દૂધ, અમુલ ભેંસ દૂધ અને ગોપાલ ગાય ઘી તેમજ અડદીયા, થાબડી, કેસર પેંડા, મોહનથાળ જેવી સ્વીટસ અને ખાટી છાશ પણ બજારમાં વેચાણ માટે મુકી સંઘના ઉત્પાદન શ્રેણીમાં વધારો કરેલ છે તેમજ ફેડરેશન મારફતે અન્ય દૂધ સંઘ ઉત્પાદિત પનીરનું વેચાણ ચાલુ કરેલ છે. સંઘે વધારેલા ઉત્પાદનો માટે નવી જગ્યાનું વિસ્તૃતિકરણ નહિ કરતા હાલનાં પ્લાન્ટમાં જ સુવ્યવસ્થિત આયોજન કરી ઉત્પાદન શરૂ કરેલ છે. જે માટે સબંધિત વિભાગોનાં તમામ અધિકારીઓ / કર્મચારીઓને અભિનંદન પાઠવું છું.

## દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ

માર્કેટીંગએ કોઈ પણ ધંધા–ઉદ્યોગનું અવિભાજય અંગ છે અને ધંધાની સફળતાનો આધાર વેચાણ વ્યવસ્થા ઉપર રહેલો છે. સંઘ દ્વારા સંસ્થાના આર્થિક વિકાસ માટે તથા દૂધ ઉત્પાદકોને દૂધના પોષાણક્ષમ ભાવ ચુકવવા માટે વેચાણ વ્યવસ્થા ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. સંઘ મારફતે અમૂલ બ્રાન્ડમાં પ્રવાહી દૂધ, દહીં, ઘી, પનીર, છાશ તથા ગોપાલ બ્રાન્ડમાં દૂધના અન્ય ઉત્પાદનો અને સ્વીટસનું વેચાણ કરવામાં આવે છે. સંઘ દ્વારા વેચાણમાં ઉતરોતર વધારો થાય તે માટે ઉત્પાદન શ્રેણીમાં વધારો કરવો, વિવિધ માધ્યમો દ્વારા પ્રોડકટોનો પ્રચાર–પ્રસાર કરવો તેમજ ગુણવત્તાયુક્ત અને વ્યાજબી ભાવે ઉત્પાદનોનું વેચાણ થાય તે માટેનાં નિર્ણયો લેવામાં આવે છે. સંઘે ગોપાલ બ્રાન્ડમાં ઘી, પેંડા, દહીં, છાશ, લસ્સી તેમજ અમૂલ બ્રાન્ડમાં દહીંની સાથો સાથ વાપરનાર ગ્રાહક વર્ગની જરૂરીયાત અને માંગને ધ્યાનમાં રાખીને અમુલ ગાય દૂધ, અમૂલ સ્લીમ ઙ ટ્રીમ અને ગોપાલ ગાય ઘી, અમૂલ ભેંસ દૂધ તેમજ અડદીયા, થાબડી, કેસર પેંડા, મોહનથાળ જેવી સ્વીટસ પણ બજારમાં વેચાણ માટે મુકી ઉત્પાદન શ્રેણીમાં વધારો કરેલ હતો. તેમજ ફેડરેશન મારફતે અન્ય દૂધ સંઘ ઉત્પાદિત પનીરનું વેચાણ ચાલુ કરેલ છે. સંઘનો ભવિષ્યમાં પણ દૂધ અને સ્વીટસ પ્રોડકટમાં વધારો કરવાનો અભિગમ રહેલો છે. સંઘે દૂધ અને દૂધની બનાવટોનાં વેચાણ માટે ૧૬૯ ડીસ્ટ્રીબ્યુટરો અને ૫૨૪૦ રીટેલરોની વ્યવસ્થા ઉભી કરી વેચાણોમાં વધારો થાય તે માટે સતત પ્રયત્નશીલ છે.

સંઘે રાજકોટ શહેર ઉપરાંત રાજકોટ જિલ્લાના તાલુકા મથકો અને ગ્રામ્ય માર્કેટીંગ માટે પણ સઘન પ્રયત્નો શરૂ કર્યા છે. જેની વિગતો કોષ્ટકમાં દર્શાવેલ છે.

| ક્રમ | ગ્રામ્ય વિસ્તાર/ તાલુકા | રીટેલર્સ અને વેંચાણ (દૂધ અને છાશ) | | | રીટેલર્સ અને વેંચાણ (ઘી) | |
|---|---|---|---|---|---|---|
| | | અમૂલ દૂધ | ગોપાલ છાશ | રીટેઈલર્સ વેચાણકર્તા | ગોપાલ ઘી | રીટેઈલર્સ વેચાણકર્તા |
| | | લીટર | લીટર | સંખ્યા | મેટ્રીક ટન | સંખ્યા |
| ૧ | રાજકોટ સીટી | ૨૨૯૧૭૨ | ૪૯૯૪૫ | ૨૮૪૪ | ૬૩૬ | ૨૦૪૯ |
| ૨ | મોરબી | ૦ | ૦ | ૦ | ૧૨૧ | ૨૯૦ |
| ૩ | જસદણ | ૪૫૮૪ | ૧૨૮૬ | ૧૪૯ | ૨૭ | ૧૪૫ |
| ૪ | વિછીંયા | ૨૦૯૩ | ૬૬૭ | ૯૨ | ૦ | ૩૫ |
| ૫ | ગોંડલ | ૧૫૨૧૭ | ૨૨૪૬ | ૩૬૧ | ૮૯ | ૨૯૦ |
| ૬ | જેતપુર | ૧૧૨૭૫ | ૨૦૫૧ | ૩૧૦ | ૪૦ | ૧૩૫ |
| ૭ | વાંકાનેર | ૦ | ૦ | ૦ | ૪ | ૧૬૫ |
| ૮ | ઉપલેટા | ૩૬૪૨ | ૧૩૫૦ | ૧૭૯ | ૩ | ૯૫ |
| ૯ | ધોરાજી | ૩૯૨૬ | ૩૮૮ | ૧૦૨ | ૨૫ | ૮૫ |
| ૧૦ | કોટડા સાંગાણી | ૧૪૯૦૫ | ૧૨૨૨ | ૨૨૨ | ૪ | ૩૦ |
| ૧૧ | ટંકારા | ૪૩૧૦ | ૫૦૦ | ૪૪ | ૯ | ૪૫ |
| ૧૨ | માળીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૨૯ |
| ૧૩ | જામકંડોરણા | ૧૯૪૫ | ૫૬૬ | ૭૦ | ૧૭ | ૩૩ |
| ૧૪ | પડધરી | ૬૮૯૨ | ૧૬૧૭ | ૧૫૦ | ૨૩ | ૮૧ |
| ૧૫ | લોધીકા | ૬૧૫૪ | ૭૭૫ | ૯૨ | ૪૦ | ૧૦૮ |
| ૧૬ | અન્ય સંસ્થા/મંડળી | ૧૧૧૯ | ૨૨૮ | ૩૦ | ૩૩૩ | ૨૨૮ |
| ૧૭ | રાજકોટ તાલુકા | ૧૬૮૨૮ | ૩૫૨૬ | ૫૯૫ | ૫૫ | ૨૦૨ |
| | કુલ | ૩૨૨૦૬૧ | ૬૬૩૬૮ | ૫૨૪૦ | ૧૪૨૮ | ૪૦૪૫ |

## માર્કેટીંગ વિભાગની સવિષેશ કામગીરી

(૧) વર્ષ દરમ્યાન કુલ ૬૨૭૮ ગૃહિણી તેમજ સ્કુલ/કોલેજના વિદ્યાર્થીઓને ડેરી વિઝીટ કરાવી દૂધ અને દૂધની પ્રોડકટસથી માહિતગાર કર્યા

(૨) વર્ષ દરમ્યાન વધુને વધુ કેન્દ્ર તેમજ એજન્સી ચાલુ કરવાના પ્રયાસરૂપે વર્ષ ૨૦૨૪–૨૫ માં નવા ૧૧ નવા ડીસ્ટ્રીબ્યુટર્સ તેમજ ૨૪૫ નવા રિટેલર ચાલુ કર્યા.

(૩) વર્ષ ૨૦૨૪–૨૫ માં જાહેરાત માટે રિટેલર્સની દીવાલ તેમજ શટરમાં પેન્ટીંગની કામગીરી કરી તેમજ ડીસ્ટ્રીબ્યુટર્સનાં વાહનોને પણ પેન્ટીંગ કરવામાં આવ્યું આ ઉપરાંત રિટેલર્સના કસ્ટમાઈઝ ફ્લેક્ષ બોર્ડ બનાવ્યા.



(૪) વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન ૩,૨૨,૦૬૧ લીટર/પ્રતિદિવસ લીટર અમુલ દૂધનું વેચાણ કરવામાં આવેલ, જે વર્ષ ૨૦૨૩–૨૪ ની સરખામણીમાં ૧ % નો વધારો થયેલ છે.




(૫) વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન રાજકોટ ડેરી દ્વારા અમુલ તથા ગોપાલ દહીંનું કુલ વેચાણ ૭૨,૮૪,૨૨૩ કીલો કરવામાં આવેલ જેમાં વર્ષ ૨૦૨૩–૨૪ ની સરખામણીમાં ૨૦% નો વધારો થયેલ છે.

(૬) વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન રાજકોટ ડેરી દ્વારા ગોપાલ ઘી નું કુલ વેચાણ ૧૪,૪૩,૯૩૭ કીલો હતુ જે વર્ષ ૨૦૨૩–૨૪ ની સરખામણીમાં ૧% વધારો થયેલ છે.

(૭) વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન ૬૬,૩૬૯ લીટર/પ્રતિ દિવસ લીટર અમુલ/ ગોપાલ છાસનું વેચાણ કરવામાં આવેલ જે વર્ષ ૨૦૨૩–૨૪ ની સરખામણીમાં ૮% નો વધારો થયેલ છે.




(૮) વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન રાજકોટ ડેરી દ્વારા અમુલ પનીરનું કુલ વેચાણ ૬૯,૩૦૫ કીલો હતુ જે વર્ષ ૨૦૨૩–૨૪ ની સરખામણીમાં ૫% નો વધારો થયેલ છે.

(૯) બ્રાન્ડીંગ માટે દરેક ડીસ્ટ્રીબ્યુટર્સ અને રિટેલર્સને ગોપાલ બ્રાંડની પોકેટ ડાયરી તેમજ બોલપેન આપવામાં આવેલ.

(૧૦) અમુલ ક્રીમી અને ટેસ્ટી દહીં ૮૫૦ ગ્રામ તેમજ ૫ કિલોગ્રામ પેક્સાઈઝમાં તેમજ અમુલ મસ્તી દહીં ૧ કિલોગ્રામ ટબ પેક્સાઈઝમાં રાજકોટ સંઘમાં ઓકટોબર– ૨૪ થી પેકિંગ ચાલુ કર્યુ અને કુલ નવું વેચાણ ૨,૬૨,૦૮૬ કિલો થયેલ છે.

## ઈન્ફોર્મેશન ટેકનોલોજી

સંઘે પ્રવર્તમાન ટેકનોલોજીનો ઉપયોગ રોજીંદી કામગીરીમાં અપનાવીને ઘણા લાભો જોવા મળેલ છે. સંઘે સી.સી.ટી.વી. કેમેરા નેટવર્ક, જીપીઆરએસ સીસ્ટમ, એસએપી/ઈઆરપી, સ્કાડા બેઈઝ્ડ પ્લાન્ટ વગેરેથી આપણી મોનીટરીંગ સીસ્ટમ ખુબ મજબુત બનેલ છે. ભવિષ્યમાં પણ સંઘે વધુમાં વધુ આધુનિક ટેકનોલોજી અપનાવવાનું અભિગમ છે.




## પશુપાલન

પ્રતિ પશુ દીઠ દૂધ ઉત્પાદન વધારવા અને પ્રતિ લીટર દીઠ દૂધ ઉત્પાદન ખર્ચ ઘટાડવાના ઉદેશથી સંઘ દ્વારા દૂધ ઉત્પાદકોના ઘર સુધી વિવિધ સેવાઓનો અમલ કરવામાં આવી રહયો છે. સંઘે કૃત્રિમ બીજદાન, પશુ સારવારમાં ફર્ટીલીટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ અને જનરલ કેમ્પો કરીને બીમાર અને વંધ્ય પશુઓની સારવાર, પશુ ખોરાકમાં વિવિધ પ્રકારના અમુલ દાણ અને

મીનરલ મીક્ષ્ચરનું વિતરણ તેમજ પશુ માવજતમાં બચ્ચા ઉછેર કાર્યક્રમ, મસ્ટાઈટીસ પ્રીવેન્સન પ્રોગ્રામ (MMP), રસીકરણ, કૃમિનાશક ડોઝ દ્વારા કૃમિ નિયંત્રણ વગેરેની સુદઢ કામગીરી કરવામાં આવે છે.

## કૃત્રિમ બીજદાન

સારી ઓલાદનો વારસો ધરાવતા બચ્ચાઓ મારફત ભવિષ્યના પશુધનમાં દૂધ ઉત્પાદનમાં વધારો કરવા માટે કૃત્રિમ બીજદાન જ એક માત્ર વિકલ્પ છે. કૃત્રિમ બીજદાન યોજનાનાં અમલથી ઓછા ખર્ચે ઓલાદ સુધારણા, જાતીય ચેપી રોગોમાં નિયંત્રણ, દૂધ ઉત્પાદન વધારવા માટેની આ મહત્વની યોજનાને વ્યાપક બનાવવા સંઘ સતત પ્રયત્નશીલ છે.

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૧૪૮ કૃત્રિમ બીજદાન કેન્દ્રો મારફત ૫૫૩ કુલ ગામો/મંડળીઓને આવરી લઈને કુલ ૧,૧૮,૪૯૧ કૃત્રિમ બીજદાનના કેસ કરવામાં આવ્યા છે. જે દૂધ ઉત્પાદકોની આર્થિક સ્થિતીમાં સુધારો કરવા અને આવક બમણી કરવા માટે આ કાર્ય યર્થાથ સાબિત થશે તેવી મને આશા છે.



પશુપાલકોને કૃત્રિમ બીજદાનથી થતા ફાયદા વિશે માહિતગાર કરતા પશુપાલન વિભાગના પશુ ચિકિત્સક

## માદા બચ્ચા ઉછેર કાર્યક્રમ

આજનું માદા બચ્ચુ આવતી કાલની ભેંસ/ગાય છે. વૈજ્ઞાનિક ધોરણે માદા બચ્ચા ઉછેર કાર્યક્રમનો અમલ કરીને બચ્ચાનો મૃત્યુદર ઘટાડવા, ઓછી ઉંમરે પ્રથમ વિયાણ થાય તે માટે સંઘે માદા બચ્ચા ઉછેર કાર્યક્રમનો અમલ વર્ષ ૨૦૧૨-૧૩ શરૂ કરેલ છે. જેના ખૂબ સારા પરિણામો જોવા મળ્યા છે. માદા બચ્ચા ઉછેર કાર્યક્રમ અંતર્ગત દૂધ મંડળીઓનાં પશુપાલકોને વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂા. ૩,૨૮,૮૪,૩૯૨ બચ્ચા દાણમાં સહાય ચુકવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત કુલ ૫૧૪૧ માદા બચ્ચાઓ નોંધાયેલ છે. જેમાં દેશી વાછરડીઓ ૧૫૬૯, સંકર વાછરડીઓ ૧૪૯૦ તેમજ પાડી ૨૦૮૨ નો સમાવેશ થાય છે.



દૂધ સંઘના બચ્ચા ઉછેર કાર્યક્રમ હેઠળ જન્મેલ બચ્ચુ

## ફર્ટિલીટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ

વંધ્ય પશુઓ દૂધ ઉત્પાદકો માટે બોજારૂપ છે. આ બોજારૂપ પશુઓથી જ દૂધ ઉત્પાદકોને પુરતુ આર્થિક વળતર મળતું નથી. સંઘ આવા વંધ્ય પશુઓની પસંદગી કરી તેની નોંધણી કરી ટેગીંગ કરવામાં આવે છે. આ વંધ્ય પશુઓને સઘન સારવાર તેમજ સમતોલ પશુઆહાર અને મીનરલ મીક્ષ્ચર આપી વંધ્ય પશુઓ ગરમીમાં આવી ગર્ભ ધારણ થાય અને સમયસર વિયાણ થાય ત્યાં સુધી સંઘનાં પશુ ચિકિત્સકો દ્વારા સતત તેનું મોનીટરીંગ કરવામાં આવે છે. સંઘ આવા વંધ્ય પશુઓ ઉત્પાદક બને તે માટે પ્રતિ પશુ દિઠ સરેરાશ રૂા. ૪૦૦૦ નો ખર્ચ કરે છે.



વર્ષ દરમિયાન ૯૬ દૂધ મંડળીઓ મારફતે ૪૧૨૫ દુધાળા પશુઓને સારવાર આપેલ છે, જેમાંથી ૩૨૫૧ વંધ્ય પશુઓ ગાભણ થયેલ છે. આ કાર્યક્રમ મારફતે ૭૯ ટકાનું પરિણામ મળેલ છે. આ કાર્યક્રમમાં દૂધ સંઘ અને ફેડરેશન તરફથી રૂા. ૮૯,૮૯,૬૪૨ ની સહાય ચુકવવામાં આવેલ છે.

| ક્રમ | દાણ નું નામ | ૨૦૨૩-૨૪ વેચાણ(ટનમાં) | ૨૦૨૪-૨૫ વેચાણ(ટનમાં) |
|---|---|---|---|
| ૧ | અમૂલ પાવર દાણ | ૬૯૪૧ | ૮૬૭૦ |
| ૨ | અમૂલ સુપર પાવર | ૦ | ૬૫ |
| ૩ | અમૂલ બફેલો ફીડ | ૦ | ૨ |
| ૪ | અમૂલ વરદાન | ૩૪૦ | ૩૨૬ |
| ૫ | અમૂલ મકાઈ ભરડો | ૧૯૩ | ૬૨ |
| ૬ | અમૂલ કોર્ન પ્રો. | ૨૮ | ૮૮ |
| | કુલ | ૭૫૦૨ | ૯૨૧૩ |
| ૧ | બોવી પ્લસ મિનરલ મિક્ષ્ચર | ૧૧ | ૧૫ |
| | કુલ | ૧૧ | ૧૫ |

## કૃમિનાશક અને રસીકરણ

દૂધાળા પશુઓ તંદુરસ્ત રહે તે માટે આ મહત્વની યોજનાનો અમલ પણ સંઘ કરે છે. પશુ ચેપી રોગોનો ભોગ ન બને તે માટે સમયસર રસીકરણ અને પશુને આપેલ આહારનો સંપૂર્ણ ફાયદો પશુને મળે તે માટે પેટમાં રહેલા કૃમિનો નાશ કરવા માસ કૃમિ નિવારણ કાર્યક્રમથી ઘણા ફાયદા મળેલ છે. વર્ષ દરમિયાન ૧,૨૩,૭૫૫ દૂધાળા પશુઓને કૃમિનિવારણના ડોઝ આપવામાં આવેલ છે. આ ડોઝમાં દૂધ સંઘ તરફથી ૮૦ ટકા સહાય આપતા રૂા. ૧૭,૬૮,૬૬૭ ની સહાય ચુકવવામાં આવેલ છે. આ સિવાય મસ્ટાઈટીસ પ્રીવેન્સન પ્રોગ્રામ (MPP) માં સહાય રૂા.૨૫,૬૭,૬૫૫ અને સેક્સ સીમેન ડોઝમાં સહાય રૂા. ૨,૧૬,૬૦૦ ચુકવવામાં આવેલ છે. આમ, રાજકોટ દૂધ સંઘ અને ફેડરેશન તરફથી પશુપાલન સબંધિત અલગ-અલગ યોજનાઓમાં ઉત્પાદકોને કુલ રૂા.૪,૭૨,૮૨,૩૪૯ ની સહાય ચુકવવામાં આવેલ છે.

## પશુઆહાર અને મીનરલ મીક્ષ્ચર

આપણા દૂધ સંઘ પાસે પોતાના માલિકીની દાણ ફેક્ટરી નથી. સંઘ દ્વારા ફેડરેશન સંલગ્ન કેટલફીડ ફેક્ટરીઓમાંથી અમૂલ દાણના વિવિધ ઉત્પાદનો અને મીનરલ મીક્ષ્ચર અમૂલ બોવીપ્લસનું વિતરણ દૂધ ઉત્પાદકોને કરવામાં આવે છે. અમૂલ દાણાના સારા પરિણામો પશુના દૂધ ઉત્પાદન અને તંદુરસ્તીમાં જોવા મળેલ છે. સંઘ સંયોજીત કુલ ૭૭૨ કાર્યરત દૂધ મંડળીઓમાંથી અમૂલ દાણનું વેચાણ ૪૧૩ દૂધ મંડળીઓ કરે છે. જેમાંથી નિયમિત અૂમલ દાણ વેચાણ ફક્ત ૫૨% મંડળીઓ કરે છે. સંઘ સંયોજીત તમામ દૂધ મંડળીઓ અમૂલ દાણ અને મીનરલ મીક્ષ્ચરનું વેચાણ કરે તેવો મારો ખાસ આગ્રહ છે. સમતોલ પશુ આહારથી જ દૂધ ઉત્પાદનમાં વધારો, દૂધની ગુણવત્તામાં સુધારો, રોગ પ્રતિકારક શક્તિ અને પશુની તંદુરસ્તીમાં વધારો તેમજ નિયમીત વેતરચક્ર માટે ખુબ જરૂરી છે. જેનો એક માત્ર વિકલ્પ અમૂલ દાણ છે તેને અપનાવવા માટે આપ સૌને ખાસ અપીલ કરૂ છું.

## મહિલા સશક્તિકરણ અને શૈક્ષણિક કાર્યક્રમો

સંઘ સંયોજીત કુલ કાર્યરત દૂધ મંડળીઓમાંથી ૫૪ ટકા મહિલા સંચાલીત દૂધ મંડળીઓ છે. સંઘે મહિલાઓને પ્રોત્સાહિત કરી તેનામાં રહેલી નેતૃત્વશક્તિને વિકસાવવા માટે આપણે નવી દૂધ મંડળીઓ મહિલા સંચાલીત જ શરૂ કરવાનો અભિગમ અપનાવેલ છે. આજની વર્તમાન પરિસ્થિતિમાં મહિલાઓની સક્રિય ભાગીદારીને કારણે આપણે સફળતાના શીખરો સર શક્યા છે. આ માટે હું તમામ મહિલા સંચાલીત દૂધ મંડળીઓના પ્રમુખશ્રીઓ, કર્મચારીઓ, કમિટીના સભ્યો, સભાસદોને ખાસ અભિનંદન પાઠવું છું. પશુપાલનની ૮૦ ટકા થી ૯૦ ટકા કામગીરી મહિલાઓ હસ્તક છે ત્યારે તેમના વ્યવસાયમાં વૈજ્ઞાનીક અભિગમ અપનાવતા થાય તે માટે સંઘે જુદા જુદા શૈક્ષણિક કાર્યક્રમો શરૂ કરેલ છે. મહિલાઓ કોઈપણ જાતના સંકોચ વગર મુક્ત મને તેમના પ્રશ્નોની ચર્ચા કરી શકે તે માટે મહિલા ઈન્સ્ટ્રક્ટરોના માધ્યમથી શિક્ષણવર્ગ, વીએમએસ કાર્યક્રમ, દિવા કાર્યક્રમ, MCMT કાર્યક્રમ, સ્વચ્છ દૂધ ઉત્પાદન





કાર્યક્રમ વગેરેમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રોજીંદા પશુપાલનનાં પ્રશ્નોનું નિરાકરણ કરી અને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન અપનાવી રહ્યા છે.

આજ રીતે યુવાનો વ્યવસાયીક પશુપાલન અપનાવે તે માટે ૧૦ દિવસનો ઈડીપી (એન્ટરપ્રિન્યોરશીપ ડેરી ડેવલપમેન્ટ પ્રોગ્રામ) (વ્યવસાયીક પશુપાલન તાલીમ કાર્યક્રમ) ડેરીનાં પશુ ચિકિત્સકો મારફત આ તાલીમ કાર્યક્રમ કરવામાં આવે છે. જેના કારણે યુવાનો વ્યવસાયીક પશુપાલન કરી ગ્રામ્યકક્ષાએ રોજગારી મેળવી આર્થિક રીતે સ્વાવલંબન બને છે.

## ગુજરાત સરકારની ડેરી વિકાસ યોજનાનું અમલીકરણ

સંઘે ગુજરાત સરકારની વિવિધ ડેરી વિકાસની યોજનાનું અમલીકરણ કરી તેનો ફાયદો દૂધ ઉત્પાદકો/ દૂધ મંડળીઓને મળે તે માટે મધ્યસ્થ કામગીરી કરી છે.

## સ્વરોજગારીનાં હેતુસર ૧૨ દૂધાળા પશુઓનાં ડેરી ફાર્મની યોજના

આ મહત્વકાંક્ષી યોજનાનો અમલ કરી દૂધ ઉત્પાદકો સ્વરોજગારી મેળવતા થાય તે માટે રાજકોટ દૂધ સંઘે રાજકોટ જીલ્લો, મોરબી જીલ્લામાં વાંકાનેર તાલુકો, જામનગર જીલ્લામાં કાલાવડ તાલુકામાં અમલીકરણ એજન્સી તરીકેની કામગીરી કરી રહયું છે. આ યોજના અન્વયે દૂધ ઉત્પાદકોને માર્ગદર્શન આપી તેનો અમલીકરણ કરાવી મહત્તમ લાભ અપાવેલ છે. આ યોજના સને ૨૦૧૮–૧૯ ના વર્ષથી ગુજરાત સરકારશ્રી દ્વારાઅમલી બનાવવામાં આવેલ છે. સને ૨૦૨૪–૨૫ માં અંદાજીત ૧૩ ડેરી ફાર્મ થઈને અંદાજીત રૂા. ૫૬ લાખની સહાય ચુક્વવામાં આવેલ છે.

### કેન્દ્ર સરકાર / ગુજરાત સરકારશ્રીની ડેરી વિકાસ યોજના અંતર્ગત રાજકોટ / મોરબી / જામનગર / અમરેલી / ગીર સોમનાથ જીલ્લામાં ચુકવાયેલ સહાયની માહિતી

| ક્રમ | ઘટકનું નામ | ૨૦૨૦–૨૧ | | ૨૦૨૧–૨૨ | | ૨૦૨૨–૨૩ | | ૨૦૨૩–૨૪ | | ૨૦૨૪–૨૫ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | સહાય રૂા. લાખમાં | સંખ્યા | સહાય રૂા. લાખમાં | સંખ્યા | સહાય રૂા. લાખમાં | સંખ્યા | સહાય રૂા. લાખમાં | સંખ્યા | સહાય રૂા. લાખમાં |
| ૧ | એ.એમ.સી.એસ. | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૨૫ | ૧૭.૯૬ | ૦ | ૦.૦૦ | ૪૫ | ૩૨.૬૩ |
| ૨ | બી.એમ.સી. | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૫ | ૨૭.૦૦ | ૦ | ૦.૦૦ | ૬ | ૩૩.૮૮ |
| ૩ | દૂધ ઘર બાંધકામ | ૩ | ૧૫.૦૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૪ | ઈલેકટ્રીક ચાફકટર | ૧૧૪ | ૨૦.૫૨ | ૧૦૩ | ૧૮.૫૪ | ૧૦૩ | ૧૮.૫૪ | ૧૦૬ | ૧૯.૦૮ | ૯૩ | ૧૬.૭૪ |

## ડેરી વિકાસની અન્ય યોજના

ગુજરાત સરકારે દૂધ મંડળીઓના આંતરમાળખાકીય સુવિધાને સુદ્રઢ બનાવવા માટે દૂધ ઘર, બીએમસી, એએમસીએસ, ગોડાઉન યોજનામાં સહાય તેમજ વ્યક્તિગત દૂધ ઉત્પાદકો માટે ઈલેકટ્રીક ચાફ કટર, મીલ્કીંગ મશીનમાં સહાયનો મહત્તમ લાભ લેવા માટે સંઘે કામગીરી કરેલ છે.આ વર્ષે રાજય સરકારશ્રી દ્વારા દૂધ ઘર / ગોડાઉન બાંધકામ અને ઈલેકટ્રીક ચાફ કટર માટેની યોજના જ અમલમાં મુકેલ છે.

## અમૂલ ઓટોમિલ્ક કલેકશન સીસ્ટમ

ગુજરાતના તમામ દૂધ સંઘોમાં ફેડરેશન મારફત અમૂલ ઓટોમિલ્ક કલેકશન સીસ્ટમનું અમલીકરણ છેલ્લા ૧૦ વર્ષથી શરૂ કરેલ છે. આજના ટેકનોલોજી યુગમાં ગાયથી ગ્રાહક (કાઉથી કન્ઝયુમર્સ) સુધી કોમ્પ્યુટર અને ઈનફોર્મેશન ટેકનોલોજીનાં માધ્યમથી આપણા બીઝનેશમાં પારદર્શકતા અને વિશ્વાસનીયતા ઉભી થાય છે. આ ઉપરાંત માહિતીના આધારે આપણા ભવિષ્યના વિકાસના આયોજનમાં જરૂરી આંકડાકીય માહિતી મદદરૂપ બને છે. અમૂલ એએમસીએસ સફળ પ્રોગ્રામ છે. ચાલુ વર્ષના

અંતે ૭૧૯ દૂધ મંડળીઓમાં આ પ્રોગ્રામ કાર્યરત છે. આગામી વર્ષમાં ૧૦૦% દૂધ મંડળીઓમાં આ પ્રોગ્રામ અમલ થાય તે માટેનો અમારો લક્ષ્યાંક છે. તેમાં તમામ દૂધ મંડળીઓ સાથ સહકાર આપે તેવી અપીલ છે.

## દૂધ ઉત્પાદકો માટે વિમા યોજના

સંઘ દ્વારા સામાજીક સુરક્ષાના ભાગરૂપે સંઘ સંયોજીત દૂધ મંડળીના દૂધ ઉત્પાદકોને અકસ્માત વિમાથી રક્ષિત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪–૨૫ માં કુલ ૭૨૭ દૂધ મંડળીઓનાં ૩૯૮૮૨ દૂધ ઉત્પાદકોને ૧૦ લાખનું અકસ્માત વિમા કવચ આપવામાં આવેલ છે. જેનું કુલ પ્રિમિયમ રૂા. ૧૩૬.૧૯ લાખ દૂધ સંઘે ભરેલ છે. વર્ષ ૨૦૨૪–૨૫ માં ૧૨ દૂધ ઉત્પાદકોનું અકસ્માતથી અવસાન થયેલ છે. જે આપણા માટે દુઃખદ બાબત છે. સંઘે આ યોજના અન્વયે તેમના વારસદારને રૂા. ૧૨૦ લાખના કલેઈમ વિમા કંપની પાસેથી મંજુર કરાવી આપેલ છે. આ ઉપરાંત સંઘ દ્વારા દૂધ ઉત્પાદકોને કુદરતી મૃત્યુ પ્રસંગે રૂા. ૧.૧૫ લાખનું વિમા કવચ મળી રહે તે માટે એલઆઈસી ગ્રૃપ વિમા યોજના અમલી છે. આ યોજનામાં ૧૯૮ દૂધ મંડળીઓના ૧૫૪૧૯ દૂધ ઉત્પાદકો જોડાયેલા છે. આ યોજનાનું વિમા પ્રિમિયમ દૂધ સંઘ, દૂધ મંડળી અને દૂધ ઉત્પાદકો સંયુક્ત રીતે ભોગવેલ છે. સને ૨૦૨૪–૨૫ નાં વર્ષમાં કુલ ૩૬ વિમા કલેઈમ મંજુર થયેલ છે અને રૂા. ૩૮.૮૦ લાખનું વિમા વળતર ઉત્પાદકોના વારસદારને મળેલ છે. આ બંને વિમા યોજનાઓ ઉતપાદકોના હિતમાં હોય જેથી તમામ મંડળીઓને આ યોજનામાં જોડાવવા માટે અપીલ કરૂ છું.

## માનવ સંસાધન વિકાસ

દૂધ સંઘ તેના વિકાસની સાથો સાથ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગમાં ભાર મુકેલ છે. જેના કારણે દૂધ સંઘના અધિકારીઓ/કર્મચારીઓ માટે આધુનિક ટેકનોલોજીની જાણકારી અંત્યત જરૂરી બની ગયેલ છે. ISO, FOOD SAFETY તેમજ Occupational Health And Safety અંગે ઈનહાઉસ ટ્રેનીંગનુ આયોજન કરેલ છે. તેમજ સંઘ દ્વારા બહારની જુદી જુદી નામાંકીત સંસ્થાઓમાં કર્મચારીઓને તાલીમ માટે મોકલી તેમની કાર્યદક્ષતામાં વધારો કરવામાં આવેલ છે. સંઘ દ્વારા જુદી જુદી તાલીમ, વર્ષ દરમિયાન સેફટી ટ્રેનિંગ, મોકડ્રીલ ઔધોગિક સલામતી સપ્તાહ વિગેરે ઉપરાંત કર્મચારીઓની શારીરિક તપાસ માટે મેડિકલ કેમ્પનું આયોજન કરેલ છે.





# આભાર દર્શન

આપણા સંઘની વર્ષ દરમિયાનની કામગીરીને સફળ બનાવવા માટે મારા ઉદબોધનનું સમાપન કરતા પહેલા હું તમામનો આભાર માનું છું.

રાજકોટ દૂધ સંઘના વિકાસમાં અવિરત સહયોગ આપવા બદલ હું ગુજરાતના માનનીય મુખ્યમંત્રી **શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**નો આભાર માનું છું.

આપણા સર્વેના સ્વપ્નદ્રષ્ટા સહકારી આગેવાન અને ખેડુત નેતા **સ્વ. શ્રી વિઠલભાઈ રાદડીયા,** જેતપુર – જામકંડોરણા વિસ્તારના ધારાસભ્ય અને રાજકોટ ડિસ્ટ્રીકટ કો. ઓપ. બેંક લી. ના ચેરમેન **શ્રી જયેશભાઈ રાદડિયા,** કૃષિ, પશુપાલન અને ગૌ સંવર્ધન ખાતાના કેબીનેટ મંત્રી **શ્રી રાઘવજીભાઈ પટેલ,** કેબીનેટ મંત્રી **શ્રી કુંવરજીભાઈ બાવળીયા,** સહકાર ખાતાના માન. મંત્રી **શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા** તેમજ ગુજરાતના સમગ્ર મંત્રી મંડળનો આભાર માનું છું.

પોરબંદર મત વિસ્તારના માન. સંસદ સભ્ય અને કેન્દ્રીય મંત્રી **શ્રી મનસુખભાઈ માંડવિયા,** રાજકોટ મત વિસ્તારના માન. સંસદ સભ્ય **શ્રી પરસોતમભાઈ રૂપાલા,** રાજ્ય સભાના સંસદ સભ્ય **શ્રી રામભાઈ મોકરીયા**નો હું આભાર માનું છું. રાજ્યના કેબીનેટ મંત્રી **શ્રીમતિ ભાનુબેન બાબરીયા,** માન. ધારાસભ્યશ્રીઓ **શ્રીમતિ ગીતાબા જયરાજસિંહ જાડેજા, શ્રી મહેન્દ્રભાઈ પાડલિયા, શ્રી રમેશભાઈ ટીલાળા, શ્રી ઉદયભાઈ કાનગડ** અને **ડો. દર્શિતાબેન શાહ** નો પણ હું આભાર માનું છું.

રાજકોટ ડિસ્ટ્રીકટ કો. ઓપ. બેંકના ઉપપ્રમુખ **શ્રી મગનભાઈ વડાવિયા,** રાજકોટ ડિસ્ટ્રીકટ કો. ઓપ. બેંક લી. ના મેનેજીંગ ડિરેકટર **શ્રી ઘનશ્યામભાઈ ખાટરીયા,** રાજકોટ જિલ્લા ખરીદ વેંચાણ સંઘના પ્રમુખ **શ્રી મગનભાઈ ઘોણીયા,** રાજકોટ જિલ્લા સહકારી સંઘના પ્રમુખ **શ્રી દિનેશભાઈ ભુવા,** રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લી. ના પ્રમુખ **શ્રી રવજીભાઈ હીરપરા,** રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ **શ્રીમતિ પ્રવિણાબેન રંગાણી,** રાજકોટ મહાનગરપાલિકાના મેયર **શ્રીમતિ નયનાબેન પેઢડીયા** તેમજ તાલુકા પંચાયતના હોદેદારો અને રાજકોટ શહેરના કોર્પોરેટરોનો હું આભાર માનું છું.

ગુજરાત સરકારશ્રીના પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યદ્યોગ વિભાગના સચિવ **શ્રી સંદિપકુમાર** અને સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર **શ્રી એમ.પી. પંડયા**નો હું આભાર માનું છું.

ગુજરાત કો. ઓપ. મીલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. આણંદના ચેરમેન **શ્રી અશોકભાઈ ચૌધરી**નો તથા ગુજરાતના તમામ દૂધ સંઘોના ચેરમેનશ્રીઓનો પણ આભાર માનું છું. રાજકોટ ડેરીને આર્થિક અને વહીવટી બાબતમાં સહયોગ આપવા બદલ ફેડરેશનના મેનેજીંગ ડિરેકટર **શ્રી જયેન મહેતા,** ચીફ જનરલ મેનેજર **શ્રી મનોરંજન પાની,** આસી. જનરલ મેનેજર (ફાઈનાન્સ) **શ્રી ભાવેશ ધોળકિયા,** ગાંધીનગર અમૂલ ફેડ ડેરીના જનરલ મેનેજર **શ્રી અનીલ બયાતી**નો તેમજ સંઘના નિયામક મંડળમાં ફેડરેશનના પ્રતિનિધી જનરલ મેનેજર (સેલ્સ અને માર્કેટીંગ) **શ્રી હેમંત ગૌની,** ડેપ્યુટી જનરલ મેનેજર (એડમીન અને સી.એસ.) **શ્રી હિમાંશુ રાઠોડ,** ડેપ્યુટી જનરલ મેનેજર (ક્યુએ અને એનપીડી) **શ્રી સમીર સકસેના** અને આસી. જનરલ મેનેજર (ટેકનીકલ અને પ્રોજેકટ) **શ્રી ધીરજ ચૌધરી**નો આભાર માનું છું.

રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ દ્વારા પ્રોસ્પેકટીવ પ્લાન હેઠળ આપણા સંઘની આંતર માળખાકીય સુવિધા ઉભી કરવા માટે નાણાંકીય સહયોગ અને ટેકનીકલ માર્ગદર્શન આપવા માટે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર **શ્રી મીનેષ શાહ** નો આ તકે આભાર માનું છું. સંઘના નિયામક મંડળમાં એન.ડી.ડી.બી. ના પ્રતિનિધી સીની. મેનેજર (સી.એસ.) **શ્રી ૠષીકેશકુમાર**નો આભાર માનું છું.

રાજકોટ સંઘની વિવિધ પ્રવૃતિઓ માટે જેમનો અમને સતત સહકાર મળતો રહેલ છે તે માટે રાજકોટના કલેકટરશ્રી, રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રજીસ્ટ્રાર (સહકારી મંડળીઓ), પશુપાલન ખાતાના વિવિધ અધિકારીઓ, જંગલ ખાતાના અધિકારીઓ, આરોગ્ય ખાતાના અધિકારીઓ, વગેરે તમામ અધિકારીઓનો હું આભાર માનું છું. પ્રાથમિક દૂધ મંડળીઓ તથા દૂધ સંઘનું સતત અને સમવાયી ધોરણે ઓડીટ હાથ ધરવા બદલ મુખ્ય કાર્યપાલક અધિકારી (નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ), સ્પેશ્યલ ઓડીટર (મીલ્ક) રાજકોટ, સ્ટેચ્યુટરી ઓડીટર **લલીત હીરપરા એન્ડ કંપની–સુરત,** ઈન્ટરનલ ઓડીટર **સાકરીયા એન્ડ એશોસિએટસ્** તેમજ તેમનાં કર્મચારીઓના સહકાર બદલ આભાર માનું છું.

સંઘની પ્રગતિ માટે હરહંમેશ માર્ગદર્શક તેમજ ખંતપૂર્વક કાર્યરત આપણા નિયામક મંડળના સભ્યશ્રીઓની અતૂટ ભાવના અને સેવાની નોંધ લઉ છું. તેમજ સંઘના ઈ. મેનેજીંગ ડિરેકટર **શ્રી જયકિશન ગાબરા**નો તેમજ અધિકારીઓ અને કર્મચારીઓની સંઘ પ્રત્યેની વફાદારી પૂર્વકની કામગીરી અને મદદ માટે અભિનંદન પાઠવું છું. સંઘના ઉત્થાન માટેની પ્રવૃતિઓની જ્યોત સતત ચાલુ રાખી સંઘ વધુ સક્ષમ બને તે માટે સૌને સાથ સહકાર આપવા અપીલ કરૂછું.

સંઘના કામકાજમાં નિયામક મંડળને મદદરૂપ થવા તેમજ સંઘના વિકાસ તેમજ ઉત્કર્ષમાં બહુલક્ષી અમૂલ્ય ફાળો આપનાર સૌ સભ્ય મંડળીઓ, દૂધ આપતી બિનસભ્ય મંડળીઓ, તેનાં સૌ ઉત્પાદકો, તેના પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ, મંડળીના પદાધિકારીઓ, સંઘ સાથે સંકળાયેલા દૂધ અને દૂધની બનાવટોના સુપર ડીસ્ટ્રીબ્યુટર્સ, વિતરકો, એજન્ટો, ટ્રાન્સપોર્ટરો અને દૂધ વાપરનાર ગ્રાહકો, અન્ય સંસ્થાઓના કર્મચારીઓ તથા સંઘના તમામ સર્વિસ પ્રોવાઈડરોનો આભાર માનું છું.

આભાર સહ...
નિયામક મંડળના આદેશથી,
**ગોરધનભાઈ પી. ધામેલીયા**
અધ્યક્ષ

## હિસાબી વર્ષ ૨૦૨૫-૨૬ માટે રાજકોટ દૂધ સંઘ દ્વારા નિર્ધારીત કરેલ

## ભાવિ આયોજન



**જયકિશન ગાબરા**
**ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર**

૧. દુધ સંપાદનમાં વધારો કરવાનું લક્ષ્યાંક છે. જે હાંસલ કરવા માટે રાજકોટ જિલ્લાના જે ગામોમાં દુધ મંડળીઓ નથી ત્યાં દુધ મંડળીઓની સ્થાપના કરીને, આઈ.સી.ડી. વિભાગ દ્વારા ચલાવવામાં આવતા સેમીનાર થકી પશુપાલકોને વૈજ્ઞાનીક ઢબે પશુપાલન માટે તાલીમ આપી પશુઓની દુધ ઉત્પાદકતા વધારવાની પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રીત કરીને દુધ સંપાદન વધારવા યોગ્ય પગલાઓ લેવામાં આવશે તથા પશુદાણના વેચાણમાં વધારો કરવાનો લક્ષ્યાંક છે.

૨. રાજકોટ દુધ સંઘના પશુપાલન વિભાગ દ્વારા પશુ વંધ્યત્વ નિવારણ કાર્યક્રમ (એફ.આઈ.પી.) ૧૦૦ દૂધ મંડળીઓમાં પી.ઈ.પી. કાર્યક્રમ ૪૦૦ દૂધ મંડળીઓમાં, ૨૫૦ દૂધ મંડળીઓમાં માદા બચ્ચા ઉછેર કાર્યક્રમ, ૧૨૫ દૂધ મંડળીઓમાં એમ.પી.પી. કાર્યક્રમ, કુલ ૧૫૦ કૃત્રિમ બીજદાણ કેન્દ્રો માટે આયોજન છે.

૩. આઈ.સી.ડી. કાર્યક્રમ અંતર્ગત મંડળી કક્ષાએ ૩૫ વી.એમ.એસ. કાર્યક્રમ, ૨૧ દિવા કાર્યક્રમ, ૭૮ મહિલા શિક્ષણ કાર્યક્રમ, ૨૪ એમ.સી.એમ.ટી. કાર્યક્રમ કરવાનું આયોજન.

૪. સામુહિક વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ દુધ સંઘ દ્વારા ૧૧૫ ગામડાઓમાં ૬૦,૦૦૦ વૃક્ષો વાવી અને ઉછેરવાનો લક્ષ્યાંક છે. તથા મીયાવાકી પદ્ધતિથી ૨૦૦૦ જેટલા વૃક્ષો વાવીને ઉછેર કરવાનું આયોજન છે.

## માર્કેટીંગ

૧. રાજકોટ જિલ્લાના ૩૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતા તમામ ગામોમાં અમુલ તથા ગોપાલ બ્રાંડની દૂધ તથા દૂધની બનાવટો ગ્રાહકો માટે ઉપલબ્ધ કરાવવાનું ભાવી આયોજન છે. અમુલ છાસ ૬ લીટર તથા ગોપાલ ઘોરવું પેકીંગ કરી વેચાણ કરવાનું આયોજન છે.

૨. જિલ્લાભરમાં દુધ અને દુધની બનાવટોના વેચાણ વધારવા માટે રીટેલ આઉટલેટ અને ડીસ્ટ્રીબ્યુટરની સંખ્યામાં વધારો કરવાનું લક્ષ્યાંક છે. માર્ચ ૨૦૨૫માં રાજકોટ દુધ સંઘના કુલ ૫૨૪૦ રીટેલર્સ હતા. જેમાં હિસાબી વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન રાજકોટ જિલ્લા તથા શહેરમાં વિકસીત થતા વિસ્તારોમાં ૨૯૫ નવા રીટેલર્સનો વધારો કરવાનું આયોજન છે. અમુલ અને ગોપાલ બ્રાંડની દૂધ અને દૂધની બનાવટોના વેચાણમાં વધારો કરવાનો લક્ષ્યાંક છે.

## ઉત્પાદન

૧. ગુજરાત રાજ્ય સરકારશ્રીની સહાયની મદદથી ૨ ટન પ્રતિ દિવસ ઉત્પાદન ક્ષમતાનો પનીર પ્લાન્ટ પ્રસ્થાપિત કરવાનું ભાવી આયોજન છે. આ સહાયની મદદથી દહીં ઉત્પાદન કેપેસીટી ૩૦ ટન પ્રતિ દિવસ તથા ઘી ઉત્પાદન કેપેસીટી ૧૪ ટન પ્રતિ દિવસ કરવાનું ભાવિ આયોજન છે. આ માટે પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરી રાજ્ય સરકારશ્રીના પશુપાલન ખાતામાં મંજુરી અર્થે મુકેલ છે.

૨. સરપ્લસ દુધના ફેટના સરળ સંચાલન કરવા માટે વધુ એક કન્ટીન્યુઅસ બટર મશીનની ખરીદી કરવાનું ભવિષ્યમાં આયોજન છે.

૩. ઈ.ટી.પી. માંથી ઉત્પન્ન થતા ગેસનો પેંડાના ઉત્પાદન માટે વપરાશ કરવાનું ભાવી આયોજન છે. જેના લીધે પેંડાના ઉત્પાદનમાં વપરાશ થતા ડિઝલની બચત શક્ય બનશે.

# મુખ્ય સિદ્ધિઓ
## વર્ષ ૨૦૨૪–૨૦૨૫

**૧.** કુલ ૭૭૨ કાર્યરત દુધ મંડળીઓમાંથી ૪૧૫ મહિલા સંચાલીત (૫૪%) અને ૩૫૭ જનરલ દુધ મંડળીઓ

**૨.** મહતમ દુધ સંપાદન તા. ૧૩/૦૨/૨૦૨૫ ના રોજ ૫,૫૪,૬૫૯ કિલો

**૩.** મહતમ દુધ વેચાણ તા. ૦૩/૧૦/૨૦૨૪ ના રોજ ૩,૬૦,૫૪૫ લીટર

**૪.** ગત વર્ષની સરખામણીએ અમૂલ દૂધના વેચાણમાં ૧% નો વધારો, દહીંનાં વેચાણમાં ૨૧% નો વધારો થયેલ છે.

**૫.** સરેરાશ કિલો ફેટનો ભાવ રૂા. ૮૭૧* ચુક્વેલ છે.

**૬.** ૧૪૮ કૃત્રિમ બીજદાન કેન્દ્રો મારફતે કુલ ૫૨૫ ગામો/મંડળીઓને આવરી લઈ કુલ ૧,૧૮,૪૯૧ કૃત્રિમ બીજદાન કેસો.

**૭.** ફર્ટીલીટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગામ અંતર્ગત ૯૬ દુધ મંડળીઓ મારફત ૪૧૨૫ વંધ્ય પશુઓને સારવાર આપી ૩૨૫૧ વંધ્ય પશુઓ ગાભણ થયેલ. જેનુ ૭૯ ટકા પરીણામ પ્રાપ્તી.

**૮.** માદા બચ્ચા ઉછેર કાર્યક્રમમાં ૫૧૪૧ માદા બચ્ચાનો વૈજ્ઞાનિક પધ્ધતીએ ઉછેર, જે યોજનામાં રૂા. ૩,૨૮,૮૪,૩૯૨/– સહાય ચુક્વેલ.

**૯.** કૃમિનાશક અને રસીકરણમાં ૧,૨૩,૭૫૫ દુધાળા પશુઓને કૃમિનાશક ડોઝ આપેલ. આ ડોઝમાં દુધ સંઘ તરફથી ૮૦ ટકા સહાય આપતા રૂા. ૧૭,૬૮,૬૬૭ ની સહાય ચુક્વેલ.

**૧૦.** અમૂલ ઓટોમિલ્ક કલેકશન સીસ્ટમ ૭૧૯ દુધ મંડળીઓમાં કાર્યરત છે.

**૧૧.** ડેરી કેમ્પસ અને દુધ મંડળીમાં જાપાનીઝ મીયાવાકી પદ્ધતિથી ફેડરેશનની સહાયથી અલગ અલગ ૨૪ જાતના ૫૪૬૨ વૃક્ષોનું વાવેતર.

***દૂધ ખરીદીની ચૂકવેલ કિંમતના આધારે**

# દૂધ અને દૂધની બનાવટોના વેચાણની માહિતી

| ક્રમ | વિગત | યુનિટ | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગોપાલ/અમૂલ દૂધના વેચાણ કેન્દ્રો | સંખ્યા | 4498 | 4596 | 4848 | 4995 | 5240 |
| ૨ | ગોપાલ/અમૂલ દૂધના ડીસ્ટ્રીબ્યુટર | સંખ્યા | 159 | 159 | 159 | 161 | 169 |
| ૩ | ગોપાલ/અમૂલ દૂધનું વેચાણ (દૈનિક સરેરાશ) | | | | | | |
| | રાજકોટ | ૦૦૦ લી.માં | 185 | 204 | 220 | 231 | 229 |
| | મોરબી | ૦૦૦ લી.માં | 35 | 0 | 0 | 0 | 0 |
| | અન્ય શહેરોમાં | ૦૦૦ લી.માં | 72 | 76 | 85 | 88 | 93 |
| | કુલ | ૦૦૦ લી.માં | 292 | 280 | 305 | 319 | 322 |
| ૪ | ગોપાલ/અમૂલ દૂધના પ્રકાર પ્રમાણેનું વેચાણ (દૈનિક સરેરાશ) | | | | | | |
| | તાજા (૬ લી. + ૫૦૦ મી.લી.) | ૦૦૦ લી.માં | 69 | 61 | 60 | 58 | 55 |
| | તાજા ૧૬૦ મી.લી. | ૦૦૦ લી.માં | 33 | 28 | 29 | 29 | 31 |
| | શક્તિ | ૦૦૦ લી.માં | 5 | 4 | 3 | 3 | 2 |
| | ગોલ્ડ | ૦૦૦ લી.માં | 103 | 91 | 96 | 100 | 101 |
| | ગોલ્ડ (૬ લીટર પેકીંગમાં) | ૦૦૦ લી.માં | 8 | 11 | 16 | 16 | 17 |
| | અમૂલ ટી સ્પેશીયલ | ૦૦૦ લી.માં | 45 | 47 | 58 | 67 | 74 |
| | અમૂલ ચાય મજા (૧ લી. + ૫૦૦ મી.લી.) | ૦૦૦ લી.માં | 25 | 28 | 31 | 31 | 29 |
| | અમૂલ ભેંસનું દૂધ (૬ લી. + ૫૦૦ મી.લી.) | ૦૦૦ લી.માં | 0 | 2 | 5 | 8 | 7 |
| | અમૂલ સ્લીમ એન્ડ ટ્રીમ (૫૦૦ મી.લી. + ૧૭૦ મી.લી.) | ૦૦૦ લી.માં | 2 | 4 | 3 | 3 | 2 |
| | અમૂલ ગાયનું દૂધ | ૦૦૦ લી.માં | 2 | 4 | 4 | 4 | 4 |
| | કુલ | ૦૦૦ લી.માં | 292 | 280 | 305 | 319 | 322 |
| ૫ | ફેડરેશન વતી અમૂલ દૂધનું પેકીંગ (દૈનિક સરેરાશ) | | | | | | |
| | અમૂલ તાજા (૬ લી. + ૫૦૦ મી.લી.) | ૦૦૦ લી.માં | 3 | 6 | 5 | 5 | 5 |
| | તાજા ૧૬૦ મી.લી. | ૦૦૦ લી.માં | 2 | 6 | 5 | 6 | 7 |
| | અમૂલ શક્તિ | ૦૦૦ લી.માં | 2 | 2 | 2 | 1 | 0.33 |
| | અમૂલ ગોલ્ડ | ૦૦૦ લી.માં | 7 | 20 | 20 | 25 | 26 |
| | ગોલ્ડ (૬ લીટર પેકીંગમાં) | ૦૦૦ લી.માં | 0 | 1 | 3 | 4 | 4 |
| | અમૂલ ટી સ્પેશીયલ | ૦૦૦ લી.માં | 4 | 12 | 15 | 19 | 21 |
| | અમૂલ ચાય મજા (૧ લી. + ૫૦૦ મી.લી.) | ૦૦૦ લી.માં | 2 | 2 | 2 | 3 | 2 |
| | અમૂલ ભેંસનું દૂધ (૬ લી. + ૫૦૦ મી.લી.) | ૦૦૦ લી.માં | 0 | 0 | 0 | 1 | 1 |
| | અમૂલ સ્લીમ એન્ડ ટ્રીમ (૫૦૦ મી.લી. + ૧૭૦ મી.લી.) | ૦૦૦ લી.માં | 0 | 1 | 1 | 0.50 | 1 |
| | કુલ | ૦૦૦ લી.માં | 20 | 50 | 53 | 65 | 68 |
| ૬ | ફેડરેશન સંચાલીત મધર ડેરીમાં દૂધનું કુલ વેચાણ દૈનિક સરેરાશ (લુઝ) | ૦૦૦ લી.માં | 93 | 67 | 9 | 31 | 30 |
| ૭ | ઘીનું વેચાણ | | | | | | |
| | ગોપાલ પેકિંગમાં | ટનમાં | 1293 | 1674 | 1756 | 1427 | 1443 |
| | અમૂલ પેકિંગમાં | ટનમાં | 438 | 417 | 304 | 586 | 562 |
| | કુલ | ટનમાં | 1731 | 2091 | 2060 | 2013 | 2005 |
| ૮ | દહીંનું વેચાણ | | | | | | |
| | ગોપાલ પેકિંગમાં | ટનમાં | 1424 | 1917 | 2682 | 3022 | 3218 |
| | અમૂલ પેકિંગમાં | ટનમાં | 296 | 2207 | 3469 | 4414 | 5785 |
| | ગોપાલ મેંગો દહીં | ટનમાં | 7 | 0 | 0 | 0 | 0 |
| | કુલ | ટનમાં | 1727 | 4124 | 6151 | 7436 | 9003 |
| ૯ | ગોપાલ લસ્સી | ૦૦૦ લી.માં | 202 | 75 | 56 | 21 | 48 |
| ૧૦ | અમૂલ પનીર | ટનમાં | 15 | 201 | 238 | 206 | 211 |
| ૧૧ | ગોપાલ/અમૂલ છાસનું વેચાણ (લૂઝ સાથે) | લાખ લી.માં | 229 | 296 | 267 | 265 | 289 |
| ૧૨ | અમુલ સંજીવની (૨૦૦ મી.લી. પાઉચ) | ૦૦૦ લી.માં | 0 | 0 | 555 | 492 | 440 |
| ૧૩ | પેંડા તથા અન્ય મિઠાઈનું વેચાણ | ટનમાં | 12 | 18 | 19 | 19 | 20 |
| | | | | | | | |

# તાલુકા પ્રમાણે મંડળીઓની સવિસ્તૃત

| | જીલ્લાનું નામ તાલુકાનું નામ | રેવેન્યુ ગામોની સંખ્યા | કાર્યરત દૂધ મંડળીઓના ગામોની સંખ્યા | મહિલા સંચાલીત દૂધ મંડળીઓ | જનરલ દૂધ મંડળીઓ | કુલ કાર્યરત દૂધ મંડળીઓ | રજીસ્ટર્ડ દૂધ મંડળીઓ | સુચિત દૂધ મંડળીઓ | મહિલા સભાસદોની સંખ્યા | પુરૂષ સભાસદોની સંખ્યા | કુલ સભાસદો | કુલ દૂધ સંપાદન (કીલોમાં) | ઓ.બી.સી. સભાસદો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધોરાજી | 30 | 18 | 20 | 4 | 24 | 20 | 4 | 1212 | 470 | 1682 | 3109146 | 271 |
| ૨ | ગોંડલ | 79 | 43 | 28 | 24 | 52 | 44 | 8 | 2231 | 4173 | 6404 | 9476425 | 1133 |
| ૩ | જામકંડોરણા | 50 | 26 | 12 | 18 | 30 | 25 | 5 | 1021 | 2301 | 3322 | 3142773 | 188 |
| ૪ | જસદણ | 59 | 57 | 51 | 46 | 97 | 77 | 20 | 3085 | 3854 | 6939 | 38867157 | 3746 |
| ૫ | જેતપુર | 48 | 36 | 24 | 16 | 40 | 30 | 10 | 1573 | 2373 | 3946 | 4549400 | 639 |
| ૬ | કોટડા સાંગાણી | 42 | 27 | 14 | 15 | 29 | 22 | 7 | 810 | 1629 | 2439 | 3712098 | 730 |
| ૭ | લોધીકા | 37 | 16 | 4 | 12 | 16 | 16 | 0 | 290 | 1392 | 1682 | 1761925 | 162 |
| ૮ | પડધરી | 60 | 28 | 22 | 7 | 29 | 23 | 6 | 1517 | 791 | 2308 | 2634851 | 254 |
| ૯ | રાજકોટ | 96 | 71 | 44 | 30 | 74 | 65 | 9 | 3140 | 2353 | 5493 | 11399451 | 2420 |
| ૧૦ | ઉપલેટા | 51 | 22 | 21 | 7 | 28 | 17 | 11 | 1368 | 591 | 1959 | 5962151 | 804 |
| ૧૧ | વિંછીયા | 46 | 46 | 54 | 59 | 113 | 89 | 24 | 2932 | 3200 | 6132 | 58514277 | 5762 |
| | રાજકોટ જીલ્લાનું કુલ | 598 | 390 | 294 | 238 | 532 | 428 | 104 | 19179 | 23127 | 42306 | 143129654 | 16109 |
| ૧ | મોરબી | 94 | 3 | 3 | 0 | 3 | 2 | 1 | 177 | 0 | 177 | 253117 | 135 |
| ૨ | ટંકારા | 43 | 1 | 0 | 1 | 1 | 1 | 0 | 5 | 138 | 143 | 153896 | 0 |
| ૩ | વાકાંનેર | 102 | 80 | 44 | 47 | 91 | 60 | 31 | 2897 | 5307 | 8204 | 9923625 | 2016 |
| | મોરબી જીલ્લાનું કુલ | 239 | 84 | 47 | 48 | 95 | 63 | 32 | 3079 | 5445 | 8524 | 10330638 | 2151 |
| ૧ | જામનગર જીલ્લો | 421 | 61 | 31 | 34 | 65 | 40 | 25 | 1732 | 2129 | 3861 | 5550671 | 420 |
| ૨ | જુનાગઢ જીલ્લો | 547 | 66 | 38 | 31 | 69 | 33 | 36 | 2740 | 2985 | 5725 | 6116795 | 2377 |
| ૩ | અમરેલી જીલ્લો | 619 | 11 | 5 | 6 | 11 | 5 | 6 | 483 | 891 | 1374 | 1117667 | 193 |
| | અન્ય જીલ્લાનું કુલ | 1587 | 138 | 74 | 71 | 145 | 78 | 67 | 4955 | 6005 | 10960 | 12785133 | 2990 |
| | કુલ | 2424 | 612 | 415 | 357 | 772 | 569 | 203 | 27213 | 34577 | 61790 | 166245425 | 21250 |






# આંકડાકીય માહિતી વર્ષ ૨૦૨૪-૨૫

| એસ.સી/ એસ.ટી. | દૂધ ભરતા સભાસદો | દૂધ ભરતા બિન સભાસદો | વ્ય. કમીટીમાં મહિલાઓની સંખ્યા | દૈનિક સરેરાશ મુજબ દૂધ એકત્રિકરણ (કિલોમાં) | દુધ મંડળી દીઠ એકત્રિકરણ (કિલોમાં) | દૈનિક સરેરાશ મુજબ દૂધ એકત્રિકરણની ચુકવેલ રકમ (રૂ.માં) | મંડળીના માલીકીના દૂધ ઘરની સંખ્યા | મિલ્કો ટેસ્ટર મશીનની સંખ્યા | કોમ્પ્યુટર ધરાવતી મંડળીઓની સંખ્યા | ઈલે. વજન કાંટો ધરાવતી મંડળીઓની સંખ્યા | બી.એમ્.સી ધરાવતી મંડળીઓની સંખ્યા | દાણનું વેચાણ (ટનમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 88 | 615 | 582 | 222 | 8518 | 355 | 467354 | 4 | 24 | 24 | 24 | 2 | 152.56 |
| 100 | 2019 | 1396 | 342 | 25963 | 499 | 1088254 | 25 | 52 | 51 | 52 | 9 | 929.52 |
| 47 | 1537 | 979 | 146 | 8610 | 287 | 399231 | 18 | 30 | 29 | 30 | 3 | 319.47 |
| 54 | 3309 | 4994 | 593 | 106485 | 1098 | 4814960 | 16 | 97 | 97 | 97 | 40 | 2037.40 |
| 96 | 1513 | 921 | 274 | 12464 | 312 | 593251 | 13 | 40 | 39 | 40 | 9 | 637.17 |
| 111 | 941 | 858 | 159 | 10170 | 351 | 407101 | 11 | 29 | 29 | 29 | 5 | 347.09 |
| 50 | 427 | 331 | 56 | 4827 | 302 | 204138 | 7 | 16 | 16 | 16 | 2 | 148.17 |
| 42 | 826 | 579 | 246 | 7219 | 249 | 317926 | 8 | 29 | 29 | 29 | 2 | 178.45 |
| 168 | 3239 | 1677 | 511 | 31231 | 422 | 1343062 | 20 | 74 | 74 | 74 | 11 | 731.34 |
| 145 | 636 | 497 | 244 | 16335 | 583 | 909086 | 8 | 28 | 28 | 28 | 8 | 483.4 |
| 53 | 3069 | 3657 | 596 | 160313 | 1419 | 8187936 | 3 | 113 | 113 | 113 | 49 | 1491.26 |
| 954 | 18131 | 16471 | 3389 | 392136 | 737 | 18732299 | 133 | 532 | 529 | 532 | 140 | 7455.83 |
| 2 | 85 | 229 | 33 | 693 | 231 | 29147 | 0 | 3 | 3 | 3 | 0 | 0 |
| 2 | 70 | 22 | 0 | 422 | 422 | 20110 | 1 | 1 | 1 | 1 | 0 | 0 |
| 45 | 3574 | 1346 | 511 | 27188 | 299 | 1380316 | 32 | 91 | 90 | 91 | 7 | 1004.96 |
| 49 | 3729 | 1597 | 544 | 28303 | 298 | 1429573 | 33 | 95 | 94 | 95 | 7 | 1004.96 |
| 47 | 1606 | 609 | 346 | 15207 | 234 | 741439 | 6 | 65 | 61 | 65 | 1 | 360.83 |
| 157 | 1456 | 1186 | 423 | 16758 | 243 | 870684 | 5 | 69 | 63 | 69 | 0 | 272.76 |
| 21 | 403 | 328 | 51 | 3062 | 278 | 137986 | 5 | 11 | 9 | 11 | 0 | 118.18 |
| 225 | 3465 | 2123 | 820 | 35028 | 242 | 1750109 | 16 | 145 | 133 | 145 | 1 | 751.77 |
| 1228 | 25325 | 20191 | 4753 | 455467 | 590 | 21911982 | 182 | 772 | 756 | 772 | 148 | 9212.56 |




Rajkot Dist. Talukawise Milk Proc (TKgPD)

No.of Milk Retail Outlets



# દૂધ મંડળીઓની માહિતી

| ક્રમ | વિગત | યુનિટ | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંયોજીત દૂધ મંડળીઓ | સંખ્યા | 995 | 1001 | 1013 | 1021 | 1028 |
| ૨ | સંયોજીત મંડળીઓના સભાસદો | ૦૦૦ સંખ્યા | 73 | 74 | 75 | 77 | 78 |
| ૩ | વર્ષના અંતે કાર્યરત દૂધ મંડળીઓ* | સંખ્યા | 892 | 840 | 832 | 807 | 772 |
| ૪ | કાર્યરત દૂધ મંડળીઓના સભાસદો | ૦૦૦ સંખ્યા | 69 | 66 | 65 | 64 | 62 |
| ૫ | કાર્યરત મહિલા સંચાલિત દૂધ મંડળીઓ | સંખ્યા | 487 | 459 | 454 | 441 | 415 |
| ૬ | કાર્યરત મહિલા સંચાલિત દૂધ મંડળી અને અન્ય મંડળીના મહિલા સભાસદો | | | | | | |
| | મહિલા મંડળીઓ | ૦૦૦ સંખ્યા | 27 | 26 | 25 | 25 | 24 |
| | અન્ય મંડળીઓ | ૦૦૦ સંખ્યા | 4 | 3 | 4 | 4 | 3 |
| | કુલ મહિલા સભાસદો | ૦૦૦ સંખ્યા | 31 | 29 | 29 | 29 | 27 |
| ૭ | દૂધ ભરતા સભાસદો | ૦૦૦ સંખ્યા | 29 | 28 | 28 | 27 | 25 |
| ૮ | સંઘની સભ્ય દૂધ મંડળીઓ | સંખ્યા | 445 | 411 | 426 | 427 | 416 |
| ૯ | આધુનિક સુસજ્જ તાંત્રિક ઉપકરણો ધરાવતી દૂધ મંડળીઓની માહિતી | | | | | | |
| | (૧) બલ્ક કુલીંગ યુનિટ (ચિલીંગ સેન્ટર સાથે) | સંખ્યા | 6 | 6 | 6 | 5 | 5 |
| | (૨) બલ્ક કુલીંગ યુનિટ ધરાવતી દૂધ મંડળીઓ | સંખ્યા | 118 | 132 | 139 | 141 | 148 |
| | (૩) માલિકીના દૂધ ઘરો | સંખ્યા | 187 | 190 | 181 | 183 | 182 |
| | (૪) મિલ્કો ટેસ્ટર મશીન | સંખ્યા | 892 | 840 | 832 | 807 | 772 |
| | (૫) કોમ્પ્યુટર | સંખ્યા | 780 | 810 | 799 | 804 | 756 |
| | (૬) ઈલેક્ટ્રોનિક વજન કાંટા | સંખ્યા | 892 | 840 | 832 | 807 | 772 |
| ૧૦ | દૂધ એકત્રિકરણના રૂટો | સંખ્યા | 75 | 86 | 84 | 83 | 82 |
| ૧૧ | દૂધ એકત્રિકરણ ટ્રાન્સપોર્ટ ખર્ચ | રૂા./પ્રતિ કિલોગ્રામ | 0.92 | 1.03 | 1.25 | 1.18 | 1.11 |
| ૧૨ | મંડળીઓનું વર્ગીકરણ (સરેરાશ દૈનિક દૂધ જથ્થાના આધારે) | | | | | | |
| | ૧૦૦૦ કિલોથી વધારે | સંખ્યા | 93 | 104 | 90 | 96 | 103 |
| | ૯૯૯ થી ૭૫૦ કિલો | સંખ્યા | 55 | 52 | 40 | 42 | 25 |
| | ૭૪૯ થી ૫૦૦ કિલો | સંખ્યા | 129 | 110 | 69 | 81 | 66 |
| | ૪૯૯ થી ૨૫૦ કિલો | સંખ્યા | 298 | 290 | 248 | 236 | 216 |
| | ૨૪૯ થી ૧૦૦ કિલો | સંખ્યા | 304 | 277 | 289 | 280 | 283 |
| | ૧૦૦ કિલોથી ઓછું | સંખ્યા | 78 | 88 | 139 | 118 | 127 |
| | **કુલ | સંખ્યા | 957 | 921 | 875 | 853 | 820 |
| ૧૩ | મંડળીકક્ષા એ શૈક્ષણીક કાર્યક્રમો | | | | | | |
| | પૂર્વ ધ્યેય નિર્ધારણ કાર્યક્રમમાં સમાવેશ કરાયેલ મંડળીઓ | સંખ્યા | 10 | 38 | 29 | 22 | 17 |
| | ધ્યેય નિર્ધારણ કાર્યક્રમમાં સમાવેશ કરાયેલ મંડળીઓ | સંખ્યા | 10 | 28 | 29 | 22 | 14 |
| | દીવા કાર્યક્રમમાં સમાવેશ કરાયેલ મંડળીઓ | સંખ્યા | 4 | 9 | 8 | 9 | 12 |
| | પીએમપી કાર્યક્રમમાં સમાવેશ કરાયેલ મંડળીઓ | સંખ્યા | 5 | 8 | 6 | 7 | 12 |
| ૧૪ | એમ.સી.એમ.ટી. કાર્યક્રમ | સંખ્યા | 0 | 0 | 0 | 0 | 18 |

* વર્ષના અંતે કાર્યરત મંડળીઓ

**આખા વર્ષમાં ગમે તે માસમાં વધુમાં વધુ

# દૂધ એકત્રિકરણની માહિતી

| ક્રમ | વિગત | યુનિટ | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દૂધ એકત્રિકરણ | – | | | | | |
| | મિશ્ર દૂધ | લાખ કિલો | 658.01 | 759.70 | 721.90 | 836.68 | 1065.73 |
| | ગાયનું દૂધ | લાખ કિલો | 372.92 | 376.94 | 298.22 | 274.38 | 248.08 |
| | ભેંસનું દૂધ | લાખ કિલો | 600.61 | 503.63 | 396.62 | 396.83 | 348.64 |
| | કુલ દૂધ | લાખ કિલો | 1631.54 | 1640.27 | 1416.74 | 1507.89 | 1662.45 |
| ૨ | દૈનિક સરેરાશ દૂધ એકત્રિકરણ | | | | | | |
| | મિશ્ર દૂધ | હજાર કિલો | 180 | 208 | 198 | 229 | 292 |
| | ગાયનું દૂધ | હજાર કિલો | 102 | 103 | 82 | 75 | 68 |
| | ભેંસનું દૂધ | હજાર કિલો | 165 | 138 | 108 | 108 | 95 |
| | કુલ દૂધ | હજાર કિલો | 447 | 449 | 388 | 412 | 455 |
| ૩ | મહતમ દૂધ એકત્રિકરણ (એક દિવસનું) | લાખ કિલો | 5.88 | 6.01 | 4.93 | 5.74 | 5.55 |
| ૪ | પ્રતિ મંડળીદીઠ દૂધ એકત્રિકરણ/દિવસ | કિલોમાં | 501 | 535 | 467 | 510 | 589 |
| ૫ | પ્રતિ સભાસદ દીઠ દૂધ એકત્રિકરણ/દિવસ | કિલોમાં | 6.47 | 6.84 | 5.93 | 6.44 | 7.37 |
| ૬ | ખાટું દૂધ અને દહીં | % | 0.33 | 0.27 | 0.25 | 0.23 | 0.35 |
| ૭ | સરેરાશ ફેટ | | | | | | |
| | મિશ્ર દૂધ | % | 5.8 | 5.6 | 5.6 | 5.8 | 6.0 |
| | ગાયનું દૂધ | % | 4.2 | 4.1 | 4.1 | 4.2 | 4.2 |
| | ભેંસનું દૂધ | % | 7.0 | 6.8 | 6.9 | 7.0 | 7.0 |
